

# સનાતન સારથિ ગુજરાતી

જાન્યુઆરી–૨૦૨૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦.૦૦
છુટક અંક ની કિંમત રૂ. ૧૦.૦૦

Camp:
"Brindavan"

My Dear Rajagopal! Accept my Love and Blessings.
By your discrimination, convert all stumbling blocks of the world into stepping stones to realisation.
The energy we waste in judging others is just what is needed to unfold the lotus of our own hearts.
Accept your Godhead, fling into utter oblivion the little self, as if it had never existed. When the little bubble bursts, it finds itself the whole ocean. You are the whole, the Infinite, the All.
Dear Raju! Out of long churning the milk of the world comes butter, that butter is God. Men of heart get the butter, and the buttermilk is left for the intellectual.
Aim at a lion and miss it, rather than hunt a jackal and catch it.
Let God work through you, and there will be no more duty. Let God shine forth. Let God show Himself. Realise the Truth and the other things will take care of themselves.
Raju! Don't worry, be happy.
Swami is always with you, in you. Jyoti is very good girl, make happy and give comfort.

With Love
Baba

## સ્વામી નો પત્ર

કેમ્પ: વૃંદાવન

વ્હાલા રાજગોપાલ ! મારો પ્રેમ અને આશીર્વાદ સ્વીકારો.

તમારી વિવેકબુદ્ધિથી, વિશ્વના તમામ અવરોધોને સાક્ષાત્કારના માર્ગના ઉન્નતિ કરાવતા પગથિયામાં પરિવર્તિત કરો.

આપણે આપણી ઊર્જા કે જેને આપણે અન્યનો ન્યાય કરવામાં વેડફીએ છીએ તે જ ઊર્જા આપણા અંતરના પુષ્પને ખીલવવા માટે જરૂરી છે.

જેનું કદી અસ્તિત્વ જ નહોતું તેવા તારા ઈશ્વરી મસ્તકને તીવ્ર ગતિથી તારી વાદળાતમાંથી અતિ સામાન્ય માનવીય કક્ષામાં ફેંકી દે. જ્યારે પાણીનો પરપોટો ફૂટી જાય છે ત્યારે તે સાગરમાં એકરૂપ બની જાય છે તે સાગર બની જાય છે તે જ રીતે તું પૂર્ણ છે અનંત છે.

પ્રિય રાજુ, દુનિયાના આ દૂધનું લાંબા સમય સુધી મંથન કર્યા પછી, વલોવ્યા પછી જે નવનીત પ્રાપ્ત થયું છે તે નવનીત ઈશ્વર પોતેજ છે. શુદ્ધ હૃદય ધરાવનાર માનવીઓને જ આ નવનીત પ્રાપ્ત થાય છે અને વધેલી છાશ બુદ્ધિશાળીઓને માટે છોડી દેવાય છે.

શિયાળનો શિકાર કરી તેને પકડવા કરતા-સિંહને પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખો, પછી ભલેને તે ચૂકી જવાય (નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન).

ભગવાનને તારા દ્વારા કાર્ય કરવા દે અને પછી તારા માટે કોઈ ફરજ બાકી રહેશે નહીં. ભગવાનને પ્રકાશવા અને પ્રગટ થવા દે. સત્યનો સાક્ષાત્કાર કર અને બાકીની વસ્તુઓ આપમેળે પોતાનું ધ્યાન રાખશે.

રાજગોપાલ, ચિંતા કરીશ નહીં. ખુશ રહે. સ્વામી હંમેશા તારી સાથે જ છે તારામાં જ છે.

જ્યોતિ સુશીલ સુકન્યા છે તેને ખુશ રાખજે અને સંતોષ આપજે

પ્રેમ સહ, બાબા

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૨ ■ અંક ૩૩૯/૧૩**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટિબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગતઃ
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
**HDFC Bank**
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0004819
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com



**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**



**સનાતન સારથિ દરમહિનાની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**


જુદા જુદા વિષયો શિખવવા માટે વિશ્વવિદ્યાલયો પ્રયત્નશીલ હોય છે, પરંતુ વાસ્તવમાં, શું શીખવવું જોઈએ, ક્યો વિષય જીવનજરૂરી છે, તે અંગેની તેઓને કોઈ જાણ જ નથી. એવો તે ક્યો વિષય છે, કે જે બીજા બધ્ધા વિષયોના પાયારૂપ છે? આત્મવિદ્યા, આધ્યાત્મિક જ્ઞાન, એજ તો શિક્ષણના પાયારૂપ છે. આ, (આત્મજ્ઞાન) એ તો મહાસાગર છે, જેમાં-બીજા બધા પ્રકારના શિક્ષણ કે જે અલગ અલગ નદીઓના સ્વરૂપે છે તે ભળી જાય છે. આધ્યાત્મિકતાના આધાર વિના અપાતું શિક્ષણ, આજે, (સમાજનું) અહિત કરી રહ્યું છે. શ્રદ્ધા અને સમર્પણ એ તો આધ્યાત્મિક શિક્ષણના અર્કસમાન છે. આ બન્ને, નદીના બે કિનારા રૂપે છે. જીવન સરિતા જ્યારે આ બે કિનારાની વચ્ચે વહે છે ત્યારેજ તે સુરક્ષિત રહે છે. જો નદીને કિનારા ન હોય તો બધુ પાણી ગામમાં અને નગરમાં ફેલાઈ જઈ શકે અને બધે વિનાશ નોતરી શકે. (આજે) બધી મુશ્કેલીઓ, હિંસા, વાદ-વિવાદ, ઉશ્કેરાટ, લડાઈ-ઝઘડા જે છે તેને માટે એકજ કારણ જવાબદાર છે અને તે છે આધ્યાત્મિકતાની ગેરહાજરી. શિક્ષણે, બાળકોમાં, શ્રદ્ધા અને સમર્પણરૂપી બે ઓવારા (બંધ) બાંધવા જોઈએ.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**

## અનુક્રમણિકા...


| પા.નં. | |
|---|---|
| ૪ | **સદૈવ ભગવદ્ મનન – ચિંતન – કરતાં રહો**<br>અવતાર વાણી |
| ૭ | **પાંડવોનું નિર્ગમન**<br>ભાગવત વાહિની - પ્રકરણ ૧૪ |
| ૧૧ | **દિક્ષાંત સમારોહ પ્રવચન**<br>જસ્ટીસ એન.વી. રમણા (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ) |
| ૧૫ | **દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો**<br>રાણી સુબ્રમણ્યમ્ |
| ૨૦ | **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના અનુભવો**<br>જ્યોત્સના રેડ્ડી |
| ૨૨ | **સ્વામી દૈવી ડૉક્ટર છે**<br>ડૉ. પદ્મા શ્રીનિવાસન્ |
| ૨૭ | **પ્રભુ પ્રત્યેની યાત્રા**<br>કરુણામ્બા રામમૂર્તિ (કન્નમ્મા) |
| 30 | **સંક્રાંતિ માણસને દિવ્ય માર્ગ બતાવે છે**<br>ભગવાનનો સંક્રાંતિ સંદેશ |
| ૩૨ | **દિવ્યતાના પ્રતિકો – પ્રશાંતિ નિલયમ** |



Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.ssssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.sssbalvikas.in

ડીસેમ્બર ૨૦૨૧ થી ચાલુ...

અવતાર વાણી

# સદૈવ ભગવદ્ મનન - ચિંતન - કરતાં રહો

## પ્રભુ સ્મરણથી જીવનમુક્તિ પામો

સાચો ભક્ત જાણે જ છે કે પ્રભુ કૃપા પ્રાપ્ત કરવાથી તેની મુશ્કેલીઓનો પાર આવી જશે. કુચેલા કૃષ્ણ ભગવાનનો ભક્ત હતો. તે ગરીબ હતો અને એક નાના અમસ્તા ઘરમાં રહેતો હતો. તેની અત્યંત ગરીબાઈને કારણે તેનાં પરિવારે ઘણું બધું સહન કર્યું હતું. કૃષ્ણમાં તેની શ્રદ્ધા દ્રઢ હતી અને કૃષ્ણમાં સંપૂર્ણ શરણાગતિ હોવાથી કૃષ્ણે તેને સમૃદ્ધિ અને મહેલ જેવું મકાન આપ્યું. કબીર એક ગરીબ વણકર હતા અને કાપડનું વણાટકામ કરીને જૂજ પૈસા જ રળતા હતા. કપડાં વણતાં વણતાં નિરંતર રામ રામ રામ ઉચ્ચારતા હતા. માત્ર ભગવાન જ તેના એક માત્ર રક્ષણકર્તા હતા એટલે તે તેમની ગરીબાઈમાંથી બહાર આવ્યા હતા.

**ઈશ્વર સાક્ષાત્કાર માટે દ્રઢ શ્રદ્ધા વિકસાવો.**


એક સાચો ભક્ત તમામ મુશ્કેલીઓનો સામનો કરશે પણ તે ભગવાનમય જીવન જીવીને પ્રભુ પ્રત્યે પ્રયાણ કરવાનું ચાલુ રાખશે. જ્યારે આપણે પ્રભુ સમીપ જવા પ્રયાસ કરીએ છીએ ત્યારે અનેક વિઘ્નો અચૂક આવશે પણ જો આપણામાં અટલ શ્રદ્ધા હશે તો તે વિઘ્નોને પાર કરી શકીશું. લક્ષ્ય સુધી પહોંચો નહીં ત્યાં સુધીમાં તેને પડતું મૂકશું નહીં. મુશ્કેલીઓના સમયે પીછેહઠ કરવી એ સાચા ભક્તની નિશાની નથી. ભગવદ્ કૃપા પ્રાપ્ત કરવા કમર કસો. મક્કમ શ્રદ્ધા અને નિર્ણય તમારાં વાંછિત ગંતવ્ય સ્થાને-લક્ષ્યઉપર-પહોંચાડી શકશે. દરેક વસ્તુનું મૂળ શ્રદ્ધા છે. તમારી એ શ્રદ્ધા છે જે તમારે 'હા' કે 'ના' કહેવી તેનો નિર્ણય કરશે. જેઓ 'હા' કહે છે તેમને સ્વામી 'હા' કહેશે; જેઓ "ના' કહેશે તેને 'ના' કહેશે. ભગવાનને પામવા માટે મક્કમ શ્રદ્ધા વિક્સાવો. ભગવાનને કદીયે છોડી દેશો નહીં જે સનાતન સત્ય અને સનાતન પ્રેમ છે. ભગવાનનાં નામો અને રૂપો અનેક છે છતાં પણ ભગવાન એક જ છે. પુષ્પો ઘણાં છે પણ પૂજા એક જ છે. ભગવાનના ઐક્યપણામાં દ્રઢ શ્રદ્ધા વિક્સાવો.

દેવર્ષિ નારદ ગાતા હતા: “ઓહ કૃષ્ણ ! અમે તમને કેવી રીતે જાણી શકીશું? આપ 'અણો અણીમાન, મહતો મહિયાન-સૂક્ષ્માતીત સૂક્ષ્મ છો અને મહતાતીત મહા છો. સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છો. આપ ભક્તોનાં 'ચિત્તચોર' છો.-ચિત્તચોરા યશોદા કે બાલ- ભગવાન ક્યાં છે? ઈશ્વરનું ધામ 'હિમાચલ' છે. 'હિમાચલ' નો અર્થ શું થાય? 'હિમ' એટલે મૃદુ, નરમ, શ્વેત, ચળકતો બરફ(હિમ) અને 'અચલ' એટલે ચલાયમાન નથી, સ્થિર છે. તે જ પ્રમાણે, સાચા ભક્તનું હૃદય શુદ્ધ અને સ્થિર હોવું જોઈએ. માટે, તમારાં હૃદયને શુદ્ધ રાખો અને તેને પવિત્ર અને સ્થિર બનાવો. તો જ તે દિવ્યતા પ્રાપ્ત કરી શકશે. જો તે ક્રોધ, ઘૃણા જેવાં દુર્ગુણોથી પ્રક્ષુબ્ધ(ઉદ્વિગ્ન) હશે તો કેવી રીતે દિવ્યતાને પામી શકશે ? તેથી મનુષ્યે દુર્ગુણોથી પર રહેવું જોઈએ. ભગવાન સદૈવ તમારી સાથે અને તમારી ચોપાસ છે જ ફક્ત લાયકાત ધરાવનારાઓ જ તેમને પ્રાપ્ત કરી શકે છે. પ્રભુ અત્યંત સમીપ હોવા છતાં, તેઓ

જે કંઈ પ્રદાન કરવા ઇચ્છે છે તે ઘણાં લોકો મેળવી શકતા નથી. અત્યારે પણ જ્યારે ભગવાને ધરા ઉપર મનુષ્ય રૂપમાં અવતરણ કર્યું છે ત્યારે શંકાઓથી ઘેરાયેલા લોકો તેમને પામી શકતા નથી. તેઓ પ્રેમ અવતાર છે અને એકેએકની ઉપર પ્રેમવર્ષા કરતાં રહે છે. કેટલીક વખત ભગવાન માનવ સ્વરૂપ ધારણ કરે છે છતાં તેઓ અગાઢ ગહનતા ધરાવતાં સાગરના જેવા અસીમ અને અમર્યાદ નીલાકાશ જેવા અનંત છે. નીલો રંગ શું સૂચવે છે ? તે અસીમ વ્યાપકતાનો નિર્દેશ કરે છે. તેથી રામ અને કૃષ્ણ નીલવર્ણા હતા.

## દિવ્યતા સર્વોચ્ચ ચેતના છે.

અવતારોની લીલાને કોઈ કળી શકતું નથી. જ્યારે એક વખત બાલકૃષ્ણે માટી ખાધી હતી ત્યારે બલરામે માતા યશોદાને તેની ફરિયાદ કરી હતી. એટલે યશોદાએ કૃષ્ણને પૂછ્યું હતું કે ઘરમાં પુષ્કળ પ્રમાણમાં માખણ અને દહીં હોવા છતાં શા માટે માટી ખાધી? ત્યારે માટી ખાધી હોવાનો બાલકૃષ્ણે નન્નો ભણ્યો હતો. જ્યારે યશોદાએ તેને મોઢું ખોલવાનું કહ્યું ત્યારે તેને મોઢામાં આખા વિશ્વનું દ્રશ્ય જોવા મળ્યું. યશોદાને આશ્ચર્ય ઉપજ્યું; શું તે સ્વપ્ન છે કે કોઈ રહસ્ય છે? શું હું યશોદા છું? શું આ મારોજ બાળકૃષ્ણ છે કે પછી કોઈ ભ્રમ છે? જ્યારે આવા બધા વિચારો ર્હામી થઈ ગયા એટલે તે કૃષ્ણને બાથમાં લઈ ભેટી પડે છે. જ્યારે પૃથ્વી ઉપર ભગવાન માનવ સ્વરૂપે અવતરણ કરે છે ત્યારે તે માયારૂપી પડદાથી તેની પોતાની જાતને ઢાંકી દેતા હોય છે. જેમ અગ્નિને રાખ, આંખને મોતિયો અને પાણીને લીલ ઢાંકી દે છે તેમ ભગવાન પોતાની જાતને માયાથી છુપાવી દે છે. માનવ સ્વરૂપે માયા હોવા



સાથે ભગવાન અસીમ શક્તિ અને દિવ્યતા પ્રગટાવે છે પણ આ માયાને કારણે મનુષ્ય ભગવાનની દિવ્યતાને નીરખી શકતો નથી; રામ હંમેશા કહેતા કે તેઓ દશરથના પુત્ર છે છતાંયે સંતો તેમને નારાયણ ભગવાન તરીકે પીછાણતા હતા અને તેમની અર્ચના-આરાધના-કરતા હતાં. જ્યારે રામ સીતા સાથે એકલા હતા ત્યારે સીતાને જણાવ્યું હતું; આ રાક્ષસો-દૈત્યોનો સંહાર કરવાનો છે. માટે આ નાટક કરવાનું છે. જોકે, તે મંચ સુધી જ મર્યાદિત છે. આ મંચની પાછળ શું રહશ્ય છે? તેને વશિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા ઋષિઓ જ સમજી શકે છે.

ઋષિઓ રામની દિવ્યતાને પીછાણતા હતા પણ તેને જગજાહેર કરી શકતા નહોતા. જો સીતાનું અપહરણ થયું ન હોત તો રાવણનું નિકંદન કરવાનું અશક્ય હતું. અગસ્ત્ય મુનિએ રામ અને સીતા ને પંચવટીમાં રહેવા મોકલ્યા

હતાં કેમ કે તેઓને ખબર હતી કે રામનો ઇરાદો રાવણ અને દાનવના ટોળાને ખતમ કરવાનો હતો. એ બધું ત્યારે જ થયું જ્યારે તેઓ પંચવટી ગયા હતાં. ઋષિઓને રામનો માસ્ટર પ્લાન ખબર હતો કારણ કે તેમનું હૃદય વિશુદ્ધ હતું અને તેઓ મક્કમ શ્રદ્ધા ધરાવતાં હતા. તે જ પ્રમાણે, ઋષિ વિશ્વામિત્ર રામને મિથિલા લઈ ગયા અને સીતા સાથે લગ્ન કરાવ્યા હતા. આ લગ્ન પણ માસ્ટર પ્લાનનો જ એક ભાગ હતો.

ભગવાન ઈન્દ્રિયોથી પર છે. મનુષ્ય ભગવાનને સમજી શકતો નથી કેમકે તે ઈન્દ્રિયોથી પર જઈ શકતો નથી. દિવ્યતા સર્વોચ્ચ ચેતના છે. તેને દૈહિક પરિપ્રેક્ષ્યથી સમજી શકાય તેમ નથી. ભગવાન જ બધી વસ્તુ છે એવી સમજણ મનુષ્યે કેળવવાની છે:

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,**
**ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ,**
**ત્વમેવ વિદ્યા દ્રવિણમ્ ત્વમેવ,**
**ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવ.** (સંસ્કૃત શ્લોક)

(ઓ પ્રભુ! આપ જ મારા માતા, પિતા, ભાઈ, મિત્ર, સંબંધો, ડહાપણ-વિદ્યા, સંપત્તિ છો. આપજ મારા સર્વસ્વ છો.)

સાઈબાબા કેમ કાર્ય કરે છે? કાર્ય કરવાની મને જરૂર નથી. તેમ છતાં હું એટલા માટે કાર્ય કરું છું કે જો હું કાર્ય નહીં કરું તો મને કોઈપણ વ્યક્તિ અનુસરી શકશે નહીં. માનવજાતિ માટે મારે આદર્શ સ્થાપવાનો છે. જ્યારે ભગવાન સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે ત્યારે તમે તેને માટે મંદિર કેવી રીતે નિર્માણ કરી શકો ? જો તેઓ સ્વયં પ્રકાશમાન છે તો પછી દીપક-દીવાની-જરૂર છે ખરી ? જ્યારે ભગવાન તમામ જળમાં વિચરે છે ત્યારે તેને સ્નાન કરાવવાની જરૂર છે ? જ્યારે તેઓ તમામ પેટોમાં મોજૂદ છે ત્યારે તેમને ભોજન અર્પણ કરવાનું શક્ય છે ખરું ? વધુ કશું જણાવવાની જરૂર છે ? ખુદ દેવદૂતો તેમને જાણી અને સમજી શક્યા નથી.

તમારા અંતરાત્માને અનુસરો અને ભગવાનના આદેશનું પાલન કરો. તમારી ફરજ અદા કરશો તો તમારી તમામ તમન્નાઓ પૂર્ણ કરવામાં આવશે. એક ભક્તનો પ્રધાન ગુણ એ છે કે બીજી વખત કહેવાની જરૂરજ ન રહે તે રીતે ભગવાનનો આદેશ તે તરતજ પાળે છે. તમારી ક્ષતિઓનું પુનરાવર્તન કરશો મા. એક વખત જન્મ લીધો છે તો પુનઃ જન્મ થાય નહીં તેવા પ્રયત્નો કરશો. ભગવાન માટેનો પ્રેમ વિકસાવો; ભગવાનને કદી વિસરશો નહીં. નિરંતર ભગવદ્ ચિંતન કરતાં રહો. માનવી તરીકેનો જન્મ જવલ્લે જ મળે છે. સમગ્ર સૃષ્ટિમાં માનવજીવન સર્વોચ્ચ છે. માનવ જન્મ પ્રાપ્ત કર્યા પછી તમે તમારી જિંદગીને મોક્ષ અપાવો નહીં તો તમે તમારું જીવન વ્યર્થ જીવ્યા છો.

**(ભગવાને તેમના પ્રવચનનું સમાપન 'ગોવિંદા ગોપાલ પ્રભુ ગિરીધારી' ભજનથી કર્યું).**

**(તા. ૧૫મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન).**

**ત્યાગનું માધુર્ય**

**મોજમજા કરતાં ત્યાગની મીઠાસ વધુ છે. આપણી જિંદગીનું ધ્યેય ત્યાગ હોવું જોઈએ. માત્ર ત્યાગથી જ શાંતિ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી માનસિક શાંતિ ન હોય ત્યાં સુધી આપણે ગમગીનીના ભોગ બનવાની માનસિક વ્યથા કાયમ રહે છે. જો મન શાંત ન હોય તો ગમે તેટલી સંપત્તિનો કોઈ જ અર્થ નથી. કર્મફળની આશા વિના મન વ્યસ્ત રહે તો ત્યાગ માટે લાયક બને છે.**

**- બાબા**

## ભાગવત વાહિની - પ્રકરણ ૧૪

# પાંડવોનું નિર્ગમન

આ એક હૃદયદ્રાવક દૃશ્ય હતું. પરીક્ષિત, એક નાનો બાળક, જેણે માથે રાજમુગટ પહેર્યો હતો, તે આજે પોતાના પિતામહ અને અન્ય વડીલો પાસે ગયો અને તેમના ચરણ પકડીને, તેમની સાથે પોતાને પણ વનમાં લઇ જવા માટે વિનવણીઓ કરવા લાગ્યો. તે, કંદ અને ફળો ખાઇને, પોતાને પવિત્ર વિધિ-વિધાનોમાં વ્યસ્ત રાખીને આનંદમાં રહેવાનું વિચારતો હતો. "મહેરબાની કરીને, આ રાજ્ય કોઈ ગુણવાન મંત્રીને સોંપો અને મને તમારી સાથે આવવા દ્યો, જેથી કરીને હું તમારી સેવા કરી શકું અને મારૂ જીવન ચરિતાર્થ કરી શકું". તેણે આજીજી કરી. સભાગૃહમાં એકત્ર થયેલા દરેકને, તેની આવી વિહ્વળ પરિસ્થિતિ જોઈને, આંખોમાં અશ્રુ આવી ગયા. આવો કઢાપો જોઈને-સાંભળીને પથ્થર પણ પીગળી જાય અને હમદર્દી બતાવે એવું આ દૃશ્ય હતું.

ધર્મરાજાએ, પોતાની લાગણીઓ કુશળતાથી સંયમિત કરી દીધી, અને શાંત થયા. એમણે તેને ઉંચકીને પોતાના ખોળામાં લઈ લીધો. ધર્મરાજા તેને સાંત્વના આપતા અને હિંમત આપતા કહેવા લાગ્યા, "વ્હાલા દિકરા, આવા નબળા મનનો તુ ન થા. તુ, ભરતના રાજવંશમાં જન્મ્યો છું. શું સિંહોના વંશમાં કોઈ દિવસ ઘેટું જન્મી શકે ખરૂં? તારા પિતા, માતા અને પિતામહો, આ બધા શુરવીર અને બહાદુર છે, સત્યના પ્રવર્તકો છે કે જેમણે પોતાના કાર્યોથી વિશ્વામાં નામના મેળવી છે. આથી, તારે આ રીતે રડવું ઉચિત નથી. હવે પછી, આ બ્રાહ્મણો, તારા પિતામહો અને માતા-પિતા છે એમ માનજે. તેમની સલાહ-સૂચનો લઈને, તે પ્રમાણે રાજ્ય ચલાવજે. તારા નામને અનુરૂપ ભવ્યતા અને કીર્તિ મેળવતો રહેજે. અમારા માટે વિલાપ કરવાનું હવે બંધ કર".

વડીલોની આટલી આગ્રહભરી સમજાવટ છતાં, બાળકતો પ્રેમથી પોતાની જીદને વળગી રહ્યો. આક્રંદ કરતા તે બોલ્યો, "પિતામહ, મારી દલીલોથી તમને સમજાવવા માટે હું ખૂબ નાનો છું, તે હું એ જાણું છું. પણ સાંભળો, મારા જન્મ અગાઉ જ મેં મારા પિતાશ્રીને ગુમાવ્યા. તેઓ જો જીવતા હોત, તો તેઓ જે મને પ્રેમ આપત, તેવા જ પ્રેમથી, મારી કાળજી-દરકાર લઈને તમે મને ઉછેર્યો; અને હવે, જ્યારે મને મારા સખાઓ સાથે રમવું, ફરવું અને ગાવાનું ગમે છે ત્યારે તમે આ મહાન સામ્રાજ્યનો ભાર, મારે માથે મૂકો છો. શું આ યોગ્ય છે? શું આ ન્યાયસંગત છે? મને આ, દુઃખની ગર્તામાં ધકેલીને જતા રહેવા કરતા, તમારી તલવારથી મારો શિરચ્છેદ કરીને જ જાવ. આખરે ! મેં તમારૂં શું બગાડ્યું છે કે તમે મને આ રીતે સજા આપી રહ્યા છો ? મારા પિતા જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે જ તમારે મારી માંના ગર્ભમાંજ મારો નાશ કરવો જોઈતો હતોને ! શું મારા પ્રાણવિહીન શરીરને-આ તમારા દ્વારા થોપેલો ભાર ખેંચવા માટે, સંજીવિત કરવામાં આવ્યું છે?" આ રીતે, લાંબા સમય સુધી, પરીક્ષિત પોતાના ભાગ્યની નિંદા કરતો રહ્યો.

અર્જુનની હવે ધીરજ ન રહી. તેણે બાળકનું મોં હથેળી મૂકી બંધ કર્યું અને તેને સ્નેહપૂર્ણ

વહાલ કરવા લાગ્યો. તેણે પોતાના હોઠોથી તેનું માથુ ચુમ્યું અને કહ્યું, "દિકરા ! તારૂં આ રીતે કાયર થઈને વર્તવું, એ તો ક્ષત્રિયકૂળ માટે નામોશી ભર્યું છે. અમે પણ અમારા પિતા ગુમાવ્યા હતા; અમે પણ સાધુઓ અને મુનિઓની કાળજીપૂર્ણ સંભાળમાં ઉછર્યા હતાં. અમે અમારા કાકાનો પ્રેમ જીતી શક્યા અને અનેક વિકટ પરિસ્થિતિઓ ઓળંગીને પછી છવટે, આ સામ્રાજ્ય ઉપર અમારૂં સાર્વભૌમત્વ સ્થાપી શક્યા. અને આ બધામાં જેણે અમારી રક્ષા કરી, અમને માર્ગદર્શન આપ્યું અને ડગલેને પગલે અમારી કાળજી લીધી, એ જ બધા તારી પણ રક્ષા કરશે અને માર્ગદર્શન આપશે. હિંમ્મત ના હારીશ. શરૂઆતના કેટલાક વર્ષોમાં આ બ્રાહ્મણો અને મંત્રીઓની સલાહને તું અનુસરજે. પછી તો, સામ્રાજ્યના પ્રશ્નોનું નિરાકરણ તું જાતેજ કરી શકીશ".

પરીક્ષિતને શાંત ન કરી શકાયો. તેણે કહ્યું, "પિતામહ! શું તમે રાજ્યગાદી અને સામ્રાજ્યનો ત્યાગ કરી રહ્યા છો અને તે મારે માથે મૂકી રહ્યા છો? વારૂ! મારી સાથે થોડા વર્ષો રહો અને મને સુશાસનની કળા શિખવો-સિદ્ધાંતો સમજાવો, પછી તમે જાવ. મેં મારા પિતા ગુમાવ્યા છતાં પણ હું આનંદી અને નિશ્ચિંત હતો અને ધિંગામસ્તી કરતો તેમજ અત્ર-તત્ર વિહરતો રહેતો હતો, કારણ મને વિશ્વાસ હતો કે મારા પિતામહશ્રીઓ મારી સંભાળ લઈ રહ્યા છે. હવે તમે પણ મને છોડીને જાવ છો, તો મારૂં શું ભાવિ? મારી બધી આશાઓનું કેન્દ્ર તમે રહ્યા હતા, તમે મારો આધાર હતા જેના પર હું અવલંબિત હતો, અને હવે તમે મને અચાનક જ દુઃખની ગર્તામાં ધકેલી દઇને, મને છોડીને જઈ રહ્યા છો". એ મોટેથી રડી પડ્યો, અને તે જોઈને-સાંભળીને ત્યાં ઉભેલા દરેકના હૃદય પીગળવા લાગ્યા. વડિલોના ચરણો પકડીને તે જમીન પર આળોટી પડ્યો.

અર્જુને તેને બન્ને હાથો વડે પકડીને ઉભો કર્યો અને પોતાની બાથમાં લીધો. તેને ખભે ઉંચકી લીધો અને માથે વ્હાલપૂર્વક હાથ ફેરવ્યો. એના ગાલ પરથી નિંગળતા આંસુઓને લૂછી નાંખ્યા પણ તેમ કરતા તે પોતાની અશ્રુધારાને ખાળી ન શક્યો. આજુબાજુ ઉભેલા અને આ બધુ જોઈ રહેલા બ્રાહ્મણો તરફ ફરીને તેણે પુછ્યું, "તમે બધા કેમ મૂક સાક્ષીની જેમ જોયા કરો છો? આ બાળકને ધીરજ કે હિંમત આપીને કેમ આશ્વસ્ત નથી કરતા? તેઓ, વાસ્તવમાં, પોતેજ એટલા બધા વ્યથિત થઇ ગયા હતા કે પરીક્ષિતના દુઃખનું શમન કરવાનું વિચારી જ નહોતા શક્તા. તેઓ બોલ્યા, "આ બાળકના મુખમાંથી સરીપડતા વાગ્બાણો, અમારા દિલને વીંધી રહ્યા છે; તેનો વિલાપ જોઈને અમે સ્તબ્ધ બની ગયા છીએ. અમે તેને શું કહી શકીએ? કઈ રીતે તેને સાંત્વના આપીએ? તેનામાં કઈ રીતે અને શેનાથી હિંમત પૂરીએ?" તેઓ બધા આ રીતે દુઃખથી ઘેરાઈ ગયા.

કૃપાચાર્ય, એમના કુલગુરૂ, છેવટે પોતાના દુઃખ પર કાબુ મેળવવામાં સફળ રહ્યા. પોતાના વસ્ત્રના છેડાથી તેમણે પોતાની આંખો લુછી અને અર્જુનને કહેવા લાગ્યા, "આ બાળકને અમે શું કહીએ-આપ શું ઈચ્છો છો? કંઈ પણ કહેવાનું અમને ગમતું નથી. અમે વાચાહીન બની ગયા છીએ. જે સામ્રાજ્ય તમે જીતીને પ્રાપ્ત કર્યું જેને માટે લોહીની નદીઓ વહી-જેને માટે લાખો મનુષ્યોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા-

જેને માટે તમે વર્ષો સુધી મથ્યા, તેને તમે આજે છોડી રહ્યા છો. આ સામ્રાજ્ય પર તમે હજારવર્ષ સુધી પણ રાજ્ય નથી કર્યું, ના, ના, બે સૈકાઓ સુધી પણ રાજ્ય નથી કર્યું, કે સિત્તેર વર્ષ સુધી પણ નહીં. કાળના ગર્ભમાં શું છે તે કોણ કહી શકે? જો કે, એ "મહાન ઈચ્છા" ની કાર્યપદ્ધત્તિ પાછળ, કાંઈક વિશેષ હેતુ હોઈ શકે છે. માફ કરજો, આપ જ અમારા સર્વાધિપતિ છો, સૌથી ઉચિત શું છે તે આપ જ જાણો". કૃપાચાર્ય દુઃખના ભારથી - નતમસ્તક થઈને ઉભા રહ્યા.

ધર્મરાજા થોડાક ડગલા ચાલીને આગળ આવીને કૃપાચાર્યને કહેવા લાગ્યા, "આપ જાણો છો, કે મારા દરેક કાર્યો શ્રી કૃષ્ણની આજ્ઞાનુંસાર જ થયા છે. મેં મારા બધા કાર્યો, તેમને જ અર્પણ કર્યા છે. એમની દોરવણી પ્રમાણે મેં મારો ભાગ ભજવ્યો છે. મારૂં "હું પણું" હું ઈચ્છ્યો નથી કે રાખ્યું પણ નથી. મારી બધી ફરજો અને જવાબદારીઓ, પ્રભુના ચાલ્યા ગયા પછી નિસ્તેજ બની ગયા છે. હવે એકલા ધર્મરાજાના હયાત રહેવાનો શું અર્થ? અને હવે જ્યારે, કલિનો ઉદય થઈ ચૂક્યો છે, ત્યારે હું આ ભૂમિ ઉપર એક પળ પણ રહી ન શકું. હવે આ બાળકને માર્ગદર્શન આપવાની, તેને તાલીમ આપવાની અને તેનું રક્ષણ કરવાની ફરજ તમારી છે કે જેથી રાજ્યશાસન પર તે સ્થિરતા કેળવી શકે. ધર્મને વળગી રહેવાનું ચાલુ રાખજો. રાજવંશની પરંપરાઓ જાળવજો અને કુળની આમન્યા અને આબરૂને ટકાવી રાખજો. તમારા પોતાના પુત્રની જેમ તેનું પાલન-પોષણ કરજો". આવું કહીને એમણે પરીક્ષિતના હાથ, કૃપાચાર્યના હાથમાં મૂક્યા. આ ક્ષણે, ત્યાં જે બધ્ધા હતાં તેઓની, ધર્મરાજાની અને કૃપાચાર્યની આંખો ભરાઈ આવી.

થોડાક જ સમયમાં, વજ્રને ત્યાં તેડવામાં આવ્યો; અને તેને કહ્યું કે આજથી ભારતવર્ષનો સમ્રાટ પરીક્ષિત છે. એટલે વજ્રએ, આ મહાપ્રદેશના અધિરાજ-પરમસ્વામીને છાજે એ રીતે આદરસહ નમન કર્યું. મંત્રીઓ અને બ્રાહ્મણોએ પણ તેને પોતાના શાસક તરીકે માનીને વિધિવત સન્માનિત કર્યો.

ત્યાર બાદ ધર્મરાજાએ પરીક્ષિતના હાથ ઝાલ્યા અને તેની ઉપર વજ્રનો હાથ મૂકીને જાહેર કર્યું, "યાદવોના સ્વામી આ વજ્ર જે છે તેને હવે હું સૂરસેનના રાજ્ય, મથુરાના રાજા તરીકે સત્તાસ્થાને બિરાજમાન કરૂ છું". એમણે વજ્રના માથા પર રત્નજડિત સોનાનો મુગટ મૂક્યો. "તમે બન્ને, ભાઈઓની જેમ બની રહો; યુદ્ધ તેમજ શાંતિમાં તમે એક-બીજા સાથે સંનિષ્ઠતાથી બંધાઈ રહો, અને અતુટ મૈત્રી કેળવો". તેમણે કહ્યું. તેમણે વજ્રને એકબાજુએ બોલાવીને, પરીક્ષિતને પોતાના સગા કાકાની જેમ ગણવાની સલાહ આપી. તેણે પરીક્ષિતને પણ શિખામણ આપી કે તે, અનિરૂદ્ધની જેમજ, વજ્રને પણ તેટલું જ માન આપે. તેમણે, તે બન્નેને, ધર્મનું સાતત્ય જાળવવા કહ્યું અને પોતાના પ્રજાજનોના કલ્યાણને, પોતાના જીવનના શ્વાસની જેમ ગણવાનું કહ્યું.

ત્યારબાદ, પાંડવ બંધુઓએ બન્ને-વજ્ર અને પરીક્ષિત ઉપર મંગલ અક્ષતાનો વર્ષાવ કર્યો. બ્રાહ્મણો અને પુરોહિતોએ પ્રસંગોચિત મંત્રોચ્ચાર કર્યા. રણશિંગાના નાદ ફુંકવામાં આવ્યા-ઢોલનગારા પીટવામાં આવ્યા. અશ્રુભીની આંખો સાથે, વજ્ર અને પરીક્ષિત ધર્મરાજા અને અન્યોને પગે લાગ્યા. પાંડવબંધુઓ આ બન્ને

વ્હાલસોયાઓના મુખારવિંદને પણ ન જોઈ શક્યા; તેઓમાં અનાસક્તિભાવ એટલો ઉભરાઈ ગયો હતો કે તેઓ તે બન્નેને એક ઝડપી આલિંગન આપી, વિદાયનો પ્રેમાળ શબ્દ બોલીને, કાંઈ પણ સાથે લીધા વગર, માત્ર પહેરેલ વસ્ત્રે લાંબી યાત્રાએ નિકળી પડ્યા.

આ વખતે સગા, સંબંધી, નગરજનો, રાણીઓ અને જનાનાની અન્ય સ્ત્રીઓ, દરબારીઓ અને દાસીઓ બધા કરૂણ કલ્પાંત કરવા લાગ્યા. તેઓ તેમને રોકાઈ જવા માટે આજીજી કરવા લાગ્યા. પોતાને લઇ જવા માટે પણ તેઓએ તેમને વિનંતી કરી. અવરોધોને બાજુએ હડસેલીને પણ તેઓ આ રાજવીઓની પાછળ દોડવા લાગ્યા. જો કે, પાંડવો પાછા તો ન જ ફર્યા - ન તો એકેય શબ્દ બોલ્યા. તેમણે બધી આજીજીઓ સામે પોતાના કાન બંધ કરી દીધા. તેમનું મન, શ્રીકૃષ્ણ ઉપર જ સ્થિર હતું. કોઈ ધર્માન્ધ અને કૃતનિશ્ચયી, જેમ કોઈને જોયા વગર, કોઈને સાંભળ્યા વગર, પોતાના માર્ગ પર અટલતાથી ચાલતો જાય, તેમ પાડવબંધુઓ આગળને આગળ ચાલતા જ રહ્યા.

દ્રૌપદી, તેની દાસીઓ સાથે, તેમની પાછળ દોડતી આવી અને પોતાના સ્વામીઓના એક પછી એક નામ લઇ સાદ પાડવા લાગી. પરીક્ષિત પણ તેમને વિનવવા પાછળ દોડ્યો; પરંતુ મંત્રીઓ તેને પકડીને પાછો લઈ આવ્યા અને એકબાજુ પોતે દુઃખી હોવા છતા, પરીક્ષિતને છાનો રાખવા લાગ્યા-શાંત પાડવા લાગ્યા. પરંતુ પાંડવો તો કોઈનીય પરવા કર્યા વગર અવિરતપણે ચાલતા જ રહ્યા- ન તો અનુસરવા વાળાને અટકાવ્યા - ન તો સાથે આવવા ઈચ્છનારાઓને મંજૂરી આપી.

સેંકડો સ્ત્રીઓ અને પુરૂષો છેવટે થાકી ગયા- અટકી ગયા અને દુઃખ કરતા કરતા પોતાની રાજધાનીમાં પાછા ફર્યા. અન્ય લોકો જેઓ ખડતલ હતા તેઓ ચાલુ રહ્યા. જનાનાની સ્ત્રીઓ, તાપ અને પવનથી ટેવાયેલ ન હોવાથી વહેલીજ થાકી ગઈ અને રસ્તામાં જ બેભાન થવા લાગી. આ ભયાનક ઘટનાઓ પર આક્રંદ કરતી દાસીઓએ તેમને શાંત કરી. કેટલાકે વન સુધી જવાની હિંમત તો કરી પરંતુ જંગલની ભયાનકતાનો સામનો કરવો પડતો હોવાથી તેઓને પાછા ફરવું જ પડ્યું. જ્યારે ધૂળની ડમરીઓ ઉડવા લાગી, ત્યારે નગરજનોએ તે ધૂળને ધર્મરાજાની ચરણરજ માનીને માથે ચડાવી. આમ, ઝાડી-ઝાંખરા અને વનપ્રદેશમાંથી પસાર થતા તે ભાઈઓ અચાનકજ દૃષ્ટિઆડ થઈ ગયા. પછી તો લોકો શું કરી શકે તેમ હતા? તેઓ ભારે હૈયે હસ્તિનાપુર પરત ફર્યા.

પાંડવોએ લીધેલ મહાપ્રસ્થાનમ્ (છેલ્લી યાત્રા) ની ટેકને વળગી રહ્યા. તેમણે લીધેલ આ ટેકમાં એવું હતું કે તેઓએ માર્ગમાં ક્યાંય કશું પણ ખાવું નહી-પીવું નહી, ક્યાંય તેઓએ આરામ ન કરવો, બસ ઉત્તરદિશા ભણી ચાલતા જ રહેવું, ત્યાં સુધી કે જ્યાં સુધી તેમનો દેહ ઢળી ન પડે. આવી તેમની આ કઠોર, ભયાવહ અને ઉગ્ર ટેક હતી. ... (ક્રમશઃ)

**'સનાતન સારથિ' બધા ભક્તોને પવિત્ર એવા નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે.**

### SSSIHL નો ૪૦ મો પદવીદાન સમારંભ

# સાચું શિક્ષણ, વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો અને ઉમદા ગુણોનું સિંચન કરે છે

### જસ્ટીસ એન.વી. રમણા (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ)

પ્રશાંતિનિલયમ ખાતે યોજાયેલા SSSIHL ના ૪૦ મા પદવીદાન (દિક્ષાંત) સમારોહમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એન. વી. રમણાએ, દિક્ષાંત પ્રવચનમાં, વિદ્યાર્થીઓને, ભગવાન શ્રી સત્યસાઈ બાબા દ્વારા બતાવેલા સન્માર્ગના પથપર ચાલવા અનુરોધ કર્યો. તેઓએ કહ્યું, "સત્ય સાઈ એટલે (દિવ્ય) પ્રેમ. સત્ય સાઈ એટલે કે સેવા, સત્ય સાઈ એટલે કે ત્યાગ. ચાહે શિક્ષણની વાત હોય, મેડીકલ સેવા હોય, શુદ્ધ પેયજળની વ્યવસ્થા હોય, કે રાહત કાર્યો હોય, બાબાએ આપણને સાચો માર્ગ બતાવ્યો છે."

અસતો મા સદ્દગમય, તમસોમાં જ્યોતિર્ગમય

જ્ઞાનના સાધકો તરફથીજ દિવ્યતાને આ પ્રકારનું આહવાન કરાય છે; જો કે તેમને પોતાની મર્યાદાઓનો ખ્યાલ હોવા છતાં, તેઓ શાણપણના/જ્ઞાનના માર્ગ પર પોતાને દોરવા માટે ઈશ્વરને સાચા દિલથી પ્રાર્થના કરતા હોય છે.

પ્રશાંતિનિલયમ ખાતે, શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર લર્નીંગના ૪૦ માં દિક્ષાંત સમારોહમાં પ્રવચન આપવા માટે મને આમંત્રિત કરવામાં આવ્યો તે માટે હું સાચેજ મારી જાતને ભાગ્યશાળી માનું છું.

આવતી કાલે, જ્યારે ભગવાનનો ૯૬ મો જન્મદિન મનાવવામાં આવનાર છે- તે ૨૩ મી નવેમ્બર-કે જે દિવસે દિવ્યતાએ આ ધરાને અનુગ્રહિત કરી-તેની પૂર્વસંધ્યાને આ વિશેષ મહત્વ બક્ષે છે. પ્રશાંતિનિલયમની મુલાકાત લેવાનો જ્યારે જ્યારે પણ પ્રસંગ આવે છે, ત્યારે ત્યારે હું આનંદથી-ખુશીથી અભિભૂત થઈ જાઉં છું- કારણ, શાંતિ, જ્ઞાન અને કેળવણીના આ ધામની મુલાકાત લેવાની તક મને મળે છે. આ ક્ષેત્રની મુલાકાતને કારણે મને બાબાના આશીર્વાદ પ્રાપ્ત કરવાની પણ તક મળે છે.

ઘણા પ્રસંગો દરમ્યાન, શ્રી સત્ય સાઈ બાબા વિશે, મારા મનની પૂજ્ય ભાવના અને ભક્તિભાવ વિશે મેં વિસ્તારથી વાતો કરેલી જ છે. બાબાના દર્શન કરવાનું સદ્દભાગ્ય પણ મને સાંપડ્યુ છે. હું હંમેશા તેમના જ્ઞાનોપદેશને મારી સાથે લઈને જ ચાલ્યો છું.

અહીં આવવા માટે હું ખુશ થાઉ છું એનું એક કારણ છે મારી ધર્મપત્નિ, શિવમાલા, કે જે આ ઈન્સ્ટીટ્યુટની વિદ્યાર્થિની રહી ચૂકી છે. સ્વામીએ આપેલી શીખ અને પ્રબોધનની તેના જીવનમાં જે સકારાત્મક અને આધ્યાત્મિક અસર થયેલ છે તે અંગે તેણી, મને હંમેશા આનંદથી વાતો કહેતી રહે છે.

સૌથી અગત્યની વાત તો એ છે મારા વ્હાલા વિદ્યાર્થીઓ, કે તમારા જીવનનો એક મહત્વનો આ દિવસ છે, તે ટાણે તમને સંબોધવાની તક હું કઈ રીતે નકારી શકું? તમારા જીવનમાં ભણતરનું એક પ્રકરણ પુરૂ થઈ રહ્યું છે અને હવે તમે એક શ્રેષ્ઠ સફળ જીવનનો પ્રવાસ શરૂ કરી રહ્યા છો. આ મહત્વના યાદગાર પ્રસંગે, હું તમને બધાને, તમારા શિક્ષકોને, ઈન્સ્ટીટ્યુટને, તમારા માતા-પિતા અને કુટુંબને અભિનંદન પાઠવું છું.

ભલે હું અહીં, દિક્ષાંત પ્રવચન આપવા આવ્યો છું, પણ તમને શાણપણના કે જ્ઞાનના કોઈ પાઠ ભણાવવાનો દાવો હું કરીશ નહીં. તેમ છતાં,

હું તમને અનુભવની અને પ્રેક્ટીકલ નૉલેજની થોડી વાતો જરૂર કરીશ. તમારી આ યુનિવર્સિટી, અન્ય યુનિવર્સિટીઓ કરતા અલગ જ છે. બાબાને એમના બાળકોમાં જે દ્રઢ વિશ્વાસ છે એમાંથી આનો ઉદ્દભવ થયો છે. બાબા માનતા હતા અને એ જ બાબત તપોવનના આધારે હું તમને જણાવું છું.

"વિદ્યાર્થીઓએ વિશ્વમાં શાંતિ અને સુરક્ષાના ઉગી નિકળનારા વૃક્ષોના મૂળ બની રહેવું જોઈએ. મારે તો એ મૂળોને પાણી જ પાવાનું રહે છે. હું વિદ્યાર્થીઓને દરેક રીતે સમર્પિત છું. મને એમનામાં ખૂબ વિશ્વાસ છે-એમના પર ભરોસો છે. સાઈબાબા એમના નામે કેટલી પ્રોપર્ટી ધરાવે છે આવો સવાલ કોઈનેય પૂછો. તમને જવાબ મળશે, "ઓહો, એમની તો ઘણી બધી ઈમારતો છે, ઘણી બધી જમીન છે વિગેરે વિગેરે આ બધિ બાબતો તો કાંઈ જ નથી. મારા વિદ્યાર્થીઓ એજ મારી એકમાત્ર પ્રોપર્ટી છે."

જ્યારે 'શિક્ષણ'ની વાત નીકળે ત્યારે સામાન્ય રીતે તેને વિદ્યાલયીન શિક્ષણ એમ સમજવામાં આવે છે. વાસ્તવમાં સાચુ સાક્ષરપણું હોવું એ કાંઈક વિશેષ અને વધારાની બાબત ધરાવે છે. સાચુ શિક્ષણ, એ સર્વગ્રાહી સકારાત્મક બદલાવ અને વિદ્યાર્થીના જીવનમાં પ્રગતિદાયક હોવું જોઈએ. આ પ્રતિષ્ઠિત ઈન્સ્ટીટ્યુટમાં વિદ્યાર્થીઓના નીતિવિષયક અને નૈતિક બન્ને પ્રકારના મૂલ્યોના વિકાસને વણી લેવામાં આવ્યો છે.

'એમના' વિદ્યાર્થીઓનું શિક્ષણ એક નવીજ ઉંચાઈ પ્રાપ્ત કરે એવું બાબા ઈચ્છતા હતા. 'એમણે' 'દુન્યવી શિક્ષણ' અને 'આધ્યાત્મિક શિક્ષણ' એમ બન્નેનો સુભગ સમન્વય કર્યો. ઈન્સ્ટીટ્યુટમાં આ ફિલોસોફી પ્રકાશમાન છે. આ, પૌરાણિક સમુચ્ચય અને વૈદિક ફિલોસોફીમાંથી પ્રવાહિત થાય છે.

કાલિદાસે શૈક્ષણિક ફિલોસોફીનું વર્ણન કરતા સરસ કહ્યું છે- 'પુરાણમિત્યેવ-ન સાધુ સર્વમ' એટલે કે એ માત્ર આપણું અને પુરાતન છે માટે એને સારૂ નથી એવું ન કહેશો અને કારણ કે તે વિદેશી અને આધુનિક છે માટે તેને ખરાબ છે એવું કહીને ન ત્યજશો.

શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર લર્નીંગ એ એક એવા પ્રકારની યુનિવર્સિટી છે જે "આધુનિક ગુરૂકુલ" વિભાવના અંતર્ગત રચવામાં આવી છે. ઈન્સ્ટીટ્યુટ એકદમ આધુનિક છે એ દ્રષ્ટિએ કે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને જે માહિતી અને જ્ઞાન અહીં પિરસવામાં આવે છે તે એકદમ સમકાલીન-આધુનિક અને દરેક ક્ષેત્રમાં એકદમ અભિનવ એવું હોય છે. સાથે સાથે આ એક "ગુરૂકુલ" પણ છે કે જ્યાં ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો, અને જીવનશૈલી વિદ્યાર્થીઓને-તેઓ જ્યારે ઈન્સ્ટીટ્યુટ ખાતે હોય છે ત્યારે-ઠસાવવામાં આવે છે. આ થકી તેમનો સર્વાંગી વિકાસ થાય છે અને તેમની માનસિક શક્તિમાં વધારો થાય છે.

હું ખૂબ જ ખુશ છું કે શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર લર્નીંગ, ભારતના પુરાતન જ્ઞાનના ભંડારને અનુલક્ષીને અને હકીકતો સ્થાપિત કરવા માટેની વ્યવસ્થિત તપાસ ક્ષેત્રે, ટેકનોલોજી ક્ષેત્રે અને અભ્યાસમાં અંદર અંદર-શિસ્તને પોષક અદ્યતન એવા આધુનિક- "નવા રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ" માટે એક મોટું ડગલું ભરી રહી છે. ઉપરના સિદ્ધાંતોને ગણતરીમાં રાખીને, ઈન્સ્ટીટ્યુટે નવો રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હાથ ધર્યો છે. ઈન્સ્ટીટ્યુટના શિરોમુગટમાં આ પ્રોગ્રામ, સફળતાનું એક નવું પીછું ઉમેરશે એવો મને વિશ્વાસ છે.

દુર્ભાગ્યે એવું છે કે, આધુનિક શિક્ષણ પદ્ધત્તિ, એ-શિક્ષણની 'ઉપયોગિતા' કેટલી છે એ, એકજ

મુદ્દા ઉપર ફોકસ કરે છે/પ્રકાશ પાડે છે. આવી પદ્ધત્તિ શિક્ષણના નૈતિક અને આધ્યાત્મિક પાસાઓને સમજવા સુસજ્જ નથી કે જે પાસાઓ વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડતર કરે છે અને તેમજ સમાજ અભિમુખ બનાવીને એક જવાબદાર નાગરિકનું નિર્માણ કરે છે.

સાચુ શિક્ષણ-એ નૈતિક મુલ્યોને દૃઢિભૂત કરે છે અને વિદ્યાર્થીઓમાં નમ્રતા, શિસ્ત, નિઃસ્વાર્થવૃત્તિ, દયા, સહનશક્તિ, ક્ષમાશીલતા અને પરસ્પર આદરભાવ હોવો-જેવા ગુણો કેળવે છે. શિક્ષણને લીધે તમારૂ ચારિત્ર્ય ઊંચું આવવું જોઈએ અને વિચાર પ્રક્રિયા વિસ્તરિત થવી જોઈએ.

જીવનમાં જ્યારે જટિલ પ્રશ્નો ઉભા થાય ત્યારે યોગ્ય નિર્ણય લેવા માટે આ ગુણો ઉપયોગી નિવડે છે. જુદા જુદા સ્તરના લોકો સાથે, જુદી જુદી સ્થિતિઓમાંથી આવતા લોકો સાથે જ્યારે તમારો સંબંધ આવી પડે છે ત્યારે તે એક આહવાહનાત્મક સ્થિતિ બની જાય છે. સહનશીલ બનો. મૂળભૂત સિદ્ધાંતો-મૂલ્યોને, જીવનની યાત્રા દરમ્યાન વળગી રહો અને એ જીવન તમને શું વિપૂલતા-સમૃદ્ધિ આપે છે તેનો અનુભવ કરો. મારે એકજ વાત કહેવી છે કે આ ઈન્સ્ટીટ્યુશનમાંથી તમે ભણીને સ્નાતક થયા છો-તે તો ખૂબ જ સદ્દભાગ્યની નિશાની છે કે જે શ્રી સત્ય સાઈ બાબાની ફિલોસોફીને પોતાના શિક્ષણના કેન્દ્રમાં રાખે છે અને માને છે કે, ચારિત્ર્ય એજ શિક્ષણનું અંતિમ ધ્યેય છે. શિક્ષણ થકી ચારિત્ર્ય ઘડતર થવું જ જોઈએ.

ભણેલાની સામાજિક જવાબદારી વિશે હું થોડી વાત કરીશ. આ વિશે કાળજીપૂર્વક વિચાર કરવો જોઈએ. એક શિક્ષિત વ્યક્તિ તરીકે, તમારે સમાજને સમૃદ્ધ બનાવવો એ તમારી ફરજ છે. આ ફરજનો અગત્યનો હિસ્સો એ છે કે તમારે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી, જ્ઞાનવર્ધન કરવું અને તેનો પ્રચાર-પ્રસાર કરવો. તમારે તમારી આસપાસના બધાને ભણાવવા જોઈએ જેથી લોકો, સમુહ અને સમાજ સશક્ત બને-સંઘટિત (સંગઠિત) બને.

તમારી શક્તિ-ક્ષમતા ઉપર શંકા ન કરશો. તમારી કુશળતાઓ અને મૂલ્યો વડે તમે વિશ્વમાં પરિવર્તન લાવીને વધુ સારૂ વિશ્વ બનાવી શકો છો. એક્ટિવ બનો, તમારી આંખો ખુલ્લી રાખો, અને તમારા હાથોથી જરૂરતમંદોને મદદ કરો. તમારી જ જરૂરિયાતો અને ઈચ્છાઓમાં રચ્યાપચ્યા ન રહો. તમારા કુટુંબનું ધ્યાન રાખો, તમારા પડોશીઓ, તમારૂં ગામ, તમારો સમાજ અને એ બધાનું પણ ધ્યાન રાખો. આ રીતે જો તમે કરવાનું શરૂ કરો તો તમે એક વધુ સારી દુનિયા કે જે ઝઘડાઓ અને હિંસાથી મુક્ત છે-તેમાં રહેવા લાગશો. વૈશ્વિક નાગરિક હોવાને નાતે, તમારે પ્રગતિશીલ વિશ્વના નિર્માણમાં લાગી જવું જોઈએ.

આ અવસરે, મને ભગવાન શ્રી સત્ય સાઈબાબાના શબ્દો યાદ આવે છે.

**જો હૃદયમાં સદાચરણ નીતિપરાયણતા હશે**
**તો ચારિત્ર્યમાં સુંદરતા આવશે**
**જો ચારિત્ર્યમાં સુંદરતા હશે**
**તો ઘરમાં સુસંવાદિતા આવશે**
**જો ઘરમાં સુસંવાદિતા હશે**
**તો રાષ્ટ્રમાં સુવ્યવસ્થા-સુશાસન હશે**
**જો રાષ્ટ્રમાં સુશાસન હશે**
**તો વિશ્વમાં શાંતિ પ્રવર્તશે.**

પ્રેમની આવશ્યક્તા અને મહત્વને બાબા ખૂબજ મહત્વ આપતા-એ જ સૂચવે છે કે તમારૂ સમાજ માટે યોગદાન હોવું જોઈએ. આ પ્રેમ તત્વને માત્ર આપણે માનવ સમાજ સુધી જ સિમિત ન રાખતા, તેને પર્યાવરણ તરફ, પ્રાણીઓ તરફ અને ધરતી તરફ પણ વિસ્તારવું જોઈએ, તો જ આ પ્રેમ વૈશ્વિક પ્રેમ થશે-એવું તો બાબાએ

શિખવાડ્યું છે.

કોઈ પણ કર્મમાં, ક્રિયામાં, કામમાં પ્રેમ હોવો એ સેવા જ છે. બાબા સિવાય સેવાના મહાન સમર્થક બીજુ કોઈ નથી. શ્રેષ્ઠ માર્ગદર્શક કે જેમને અનુસરી શકાય તેવા બાબા સિવાય બીજા કોઈ નથી. સત્ય સાઈનો અર્થ છે પ્રેમ. સત્ય સાઈનો અર્થ છે સેવા. સત્ય સાઈ એટલે ત્યાગ. ભલે તે શિક્ષણની વાત હોય, મેડીકલ સેવા હોય, શુદ્ધ પેયજળની વ્યવસ્થા કરવાની હોય, કે રાહતકાર્યો હોય, બાબાએ આપણને સાચો માર્ગ બતાવ્યો છે. "વસુધૈવ કુટુમ્બકમ" ના સાંસ્કૃતિક ઘોષમાં આ મુદ્દો જડાયેલ છે. માનવ માટે વૈશ્વિક પ્રેમનો આ જ સિદ્ધાંત છે કે જેણે તમને સમાજ માટે કાંઈક કરી છૂટવા પ્રેરિત કરવા જોઈએ અને બીજાની સેવા કરવા માટેના વિકલ્પો-માર્ગ શોધવા માટે તમને પ્રવૃત્ત કરવા જોઈએ. બાબાનું જીવન દરેકને પ્રેરણારૂપ બની રહેવું જોઈએ.

કટોકટીના સમયે તો આ સેવાનો મંત્ર વધુ સુસંગત દેખાઈ આવે છે. પાછલા બે વર્ષોમાં વિશ્વમાં શું શું બની ગયું તેનો વિચાર કરો. દુનિયામાં અણધાર્યા બદલાવો આવ્યા છે. મહામારીના પ્રકોપને કારણે ઊંડી ઘર કરી ગયેલી નબળાઈઓ બહાર ઉપસી આવી છે અને સમાજમાં અસમાનતા વધી છે. આવા ટાણે નિઃસ્વાર્થ સેવા એ સમયની માંગ છે. આ હકીકત મને સાચેજ પ્રોત્સાહિત કરે છે કે લોકોના હૃદયમાં અને મનમાં હજુ પણ સેવાની ભાવના એટલી જ મજબૂત છે. જ્યારે આ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ અને લોકો, સાથે મળીને જરૂરતમંદોને રાહત પૂરી પાડે છે ત્યારે આ સેવાભાવના દેખાઈ જ આવે છે. આવી જરૂરિયાતમંદોની સેવા કરવા બદલ હું તમને બધાને અભિનંદન આપું છું.

મને ખાતરી છે કે આ ઉમદા ઈન્સ્ટીટ્યુટમાં ભણીને સ્નાતક થયેલા મારા યુવાન મિત્રો મૂલ્ય આધારિત શિક્ષણનો ધ્વજ ઉંચો લહેરાતો રાખશે અને આદર્શોને જીવિત રાખશે. મને એ પણ વિશ્વાસ છે કે મારા આ યુવાન લોકો તેમને અહીં મળેલા સાચા શિક્ષણનો સંદેશ વિશ્વના દરેક ખૂણે ને ખાંચરે પહોંચાડશે. જર્મન પ્રોટેસ્ટન્ટ સુધારક માર્ટિન લ્યુથરના શબ્દોને યાદ કરીએ તો: "દેશની સમૃદ્ધિ અને જાહોજલાલી એ માત્રને માત્ર એ રાષ્ટ્રના કેળવાયેલા નાગરિકો, ભણેલા માનવીઓ, પ્રબુધ્ધ જ્ઞાનીઓ અને ચારિત્ર્ય ઉપર આધાર રાખે છે-ન તો તેની અઢળક આવક પર, ન તો મજબૂત કોટ બંધી કે ન તો તેની સુંદર અને મસમોટી ઈમારતો પર.

એક સુશિક્ષિત અને ઘડાયેલ વ્યક્તિ તરીકે તમે જ્યારે આ પવિત્રધામને છોડીને જવા સિદ્ધ છો, ત્યારે મારા મનમાં બાબાના બે કબુતરોની વાર્તા યાદ આવે છે, કે તે બે કબુતરોને ઉડવા માટે મુક્ત કરવા છતાં તેઓ તેમની પાસે પાછા ફરતા રહેતા.

"આ પક્ષીઓ તરફ જુઓ. તે અહીં અમારી સાથે લાંબા સમય સુધી રહ્યા. હવે તેમને મુક્ત કરી દેવા છતાયે તેઓ બહારની દુનિયામાં તેમની જાતને અનુકૂળ કરી શક્વા અશક્તિમાન છે"

મને પાક્કો વિશ્વાસ છે કે બાબાના ઉપદેશો-શિખામણો અને અહીં ઈન્સ્ટીટ્યુટમાં મળેલ તાલીમને આધારે તમે ગમે તેવી વિકટ પરિસ્થિતિઓનો અને મુશ્કેલીઓનો સામનો કરી શકશો. હવે સમય છે તમારો ઉડવાનો-ઉંચે ઉડવાનો. આકાશ એ જ સીમા છે.

તમારી જીવનયાત્રાના હવે પછીના તબક્કામાં, શરૂઆતમાં પડનારી મુશ્કેલીઓમાં સ્વામીના આશીર્વાદની અનુભૂતિ તમે જોશો જ. આ વર્ષના, સૌ સ્નાતકોને એમના વ્યવસાયી જીવનમાં અને વ્યક્તિગત જીવનમાં સફળતા માટે મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ હું પાઠવું છું.

# દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો

રાણી સુબ્રમણ્યમ્

ઘણા વર્ષો પહેલા, એક દિવસ, સ્વામીએ અમને બધાને અમૃત (અમૃત) વહેંચ્યું હતું. મને યાદ નથી કે તેમણે અમૃતના મહત્વ વિશે કંઈ ખાસ કહ્યું હોય. તેમણે ફક્ત એટલું જ કહ્યું, અમે બધા તેને પ્રાપ્ત કરવા માટે ખૂબ જ ભાગ્યશાળી હતા. પાછળ દૃષ્ટિપાત કરતા, મને હવે એ સમજાય છે કે: આપણે હંમેશા શરીરની ચેતનાના સ્તરથી કાર્ય કરીએ છીએ - "હું વિચારૂ છું", "હું કરૂં છું", "હું સાંભળું છું" વગેરે. તેઓ જે કાંઈ કરી રહ્યા છે તે શું છે? આપણા મનમાંથી શરીરની ચેતના (સભાનતા) દૂર કરવી અને આપણને આપણું આત્મા સ્વરૂપ (આપણું સાચું સ્વરૂપ, જે આત્માનું છે) બતાવવું-અમૃતનો આ ખૂબ જ મહત્વપૂર્ણ સંદેશ છે. આ એક વારંવાર પુનરાવર્તિત પ્રાર્થના છે. "મૃત્યોર્મા અમૃતંગમય (મને મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જાઓ). મૃત્યુ શરીર સુધી મર્યાદિત છે; આત્મા માટે કોઈ મૃત્યુ નથી. સ્વામી આપણા શરીરની ચેતના (સભાનતા)નું નિવારણ કરવા અને આપણા વચ્ચે આત્મસ્વરૂપને પ્રગટ કરવા આવ્યા છે. આત્મા શું છે? તેને કોઈ રૂપ કે આકાર નથી, પરંતુ તે અનંત શક્તિ સ્વરૂપે કુદરતી કે આનુવાંશિક રીતે શરીરમાં જ હોય છે. તેથી, તેઓ કહે છે, "તમારામાં બધી શક્તિ છે, તમે અમર છો! તો પછી ભય કે ચિંતાને સ્થાન ક્યાં છે"?

અમે બધી, બહેનો, ખરેખર આશીર્વાદિત / કૃપાન્વિત છીએ! અમે સ્વામી પાસે સ્વાસ્થ્ય અથવા સંપત્તિ જેવી ભૌતિક બાબતોની સહાય માટે આવ્યા નથી. તેઓ જાતે અમારા આરોગ્ય કે સ્વાસ્થ્ય સંબંધી અને ભૌતિક સમસ્યાઓ અંગે ઘણીવાર પૃચ્છા કરતા, પરંતુ અમે ક્યારેય આવી વાતોનો આરંભ કરતા ન હતાં.



## અજ્ઞાનને આશિષ/કૃપામા રૂપાંતરિત કરવું.

તેમના દિશાસૂચન અને માર્ગદર્શન પ્રમાણે જ્યારે અમે કોડાઈકેનાલની મુલાકાત લીધી, ત્યારે અમારી બહેનપણીઓમાંની એક સરોજા અમારી સાથે હતી. દરરોજ સ્વામીના દર્શન કર્યા પછી પાછા ફરતી વખતે તેણી આશ્વાસન આપી ન શકાય તેટલી હદે રડતી. અમે તેણીને પૂછ્યું કે શા માટે આવુ થાય છે. તેણીએ કહ્યું, "સ્વામી મારી અવગણના કરી રહ્યા છે, તેઓ ક્યારેય મારી તરફ જોતા નથી કે મારી સાથે વાત કરતા નથી". આમ થોડા દિવસો સુધી ચાલ્યું અને તેણીએ તેના ચિંતાનું કારણ જણાવ્યું. અમે તેણીને ઘણા સંભવિત ખુલાસાઓ આપવાનો પ્રયાસ કર્યો કે સ્વામી આ તેના પોતાના સારા

માટે કરી રહ્યા છે, અને તેણીને ખાતરી થતી નહોતી અને એવું લાગતું હતું કે, સ્વામીના વર્તન પાછળ કોઈ અર્થપૂર્ણ સમજૂતી હોવી જોઈએ.

અમારી પાસે વિકલ્પોનો અભાવ હોવાથી, અમે સરોજને યોગ્ય સમજૂતી આપવા માટે સ્વામીને જોરદાર પ્રાર્થના શરૂ કરી. પ્રાર્થના પછી, મને એક સ્વપ્ન આવ્યું, જેમાં સ્વામીએ કહ્યું, “સરોજને આ સંદેશ મોકલો: હું જાણું છું કે તે રડી રહી છે અને તેનાથી તેને દિલાસો મળશે. જ્યારે ઘરના માલિક મહેમાનોને આમંત્રિત કરે છે, ત્યારે શું તે તેના પરિવારના સભ્યો પ્રત્યે ધ્યાન આપશે કે તે મહેમાનો પ્રત્યે ધ્યાન આપશે? જેઓ મારી નજીક છે, જેઓ મારા કૌટુંબિક સભ્યો છે, તેઓએ એવું ન વિચારવું જોઈએ કે હું તેમની અવગણના કરી રહ્યો છું! તમે ગોપીઓ જેવા છો; તમે મારા ખાતર જ જીવો છો; અને હંમેશા એ વિચારો કે સ્વામીને પ્રસન્ન કરવા માટે તમારે શું કરવું જોઈએ. તમે કુટુંબ છો”! જ્યારે હું સવારે જાગી ત્યારે મેં સરોજને આ વાત કહી અને તે ખુશ થઈ ગઈ.

તાજેતરના પ્રવચનમાં, સ્વામીએ કહ્યું, "જુના ભક્તોએ કંઈપણ અપેક્ષા રાખવી જોઈએ નહીં અને નવા આવનારાઓ માટે ખુશીથી જગ્યા કરી આપવી જોઈએ. નવા આગંતુકોએ સ્વામી દ્વારા અપાતી શિક્ષણ અને માર્ગદર્શનની તક મેળવવી જોઈએ." તેમણે મને વ્યક્તિગત રીતે પણ કહ્યું: "રાણી મા, તમને ઘણું મળ્યું છે. તમારે વધુ શું જોઈએ છે? નવા આવનારાઓ માટે જગ્યા કરો. સંતુષ્ટ અને સુખી બનો. બીજાઓની ઈર્ષ્યા ન કરો. તેઓને મારા માર્ગદર્શનની જરૂર છે. જે તમને તો પહેલેથી જ પ્રાપ્ત છે. હવે, તમારે તે મુજબ જીવવું જોઈએ!” મને છેલ્લો ઇન્ટરવ્યુ ૧૯૮૪ માં મળ્યો હતો.

## વધુ સ્વસુધારણા-વધુ કૃપા.

સ્વામીએ કહેલી બીજી વાતનો પણ અહીં ઉલ્લેખ કરવો યોગ્ય છે. સ્વામીએ કહ્યું કે, "મેં તમને પહેલી વાર જે કહ્યું તેની સાધના તમે જો નહીં કરી હોય, તો હું તમારી અવગણના કરીશ." આ, જ્યારે આપણે આપણું હોમવર્ક કર્યું ન હોય અને શાળાએ જતા હોય તેના જેવું છે! માની લો કે તે કહે છે, “લવ ઓલ સર્વ ઓલ”, (બધાને પ્રેમ કરો, બધાની સેવા કરો) અને આપણે ઘેર પાછા જઈને બધા સાથે ઝઘડવાનું શરૂ કરી દઈએ, તક મળે ત્યારે પણ બીજાઓને મદદ ન કરીએ, વગેરે એવું ઘણું બધું; તો પછી વધુ ઉપદેશ માટે સ્વામી પાસે ફરી ફરીને જવાનો શો અર્થ? જ્યાં સુધી આપણને જે મળ્યું છે તેને આચરણમાં ન મૂકીએ ત્યાં સુધી તેઓ આપણી સાથે ફરીથી વાત કરશે નહીં.

આત્મા આપણને શાણપણ અને શક્તિ આપે છે. આપણાં કુટુંબમાં, આપણે અમૂક સભ્યોને વધુ પ્રેમ કરતા હોઈએ કારણ કે તેઓ વધારે માયાળુ હોય છે, જ્યારે અન્યને ઓછો પ્રેમ કરીએ કારણ કે તેઓ વધારે કઠોર હોઈ શકે છે. પરંતુ આપણે તેવું કરી શકતા નથી. સ્વામી કહે છે, "દિવ્ય પ્રેમ બિનશરતી છે, માનવીય પ્રેમ-શરતી હોય છે". “બીજાઓ કેવા છે તેની ચિંતા શા માટે કરો છો? તમે કેવા છો તેની ચિંતા કરો! જો તમે મારી કૃપા ઈચ્છતા હો તો તમારે બિનશરતી પ્રેમ વિકસાવવો જોઈએ. દરેકને સમાન અને બિનશરતી પ્રેમ કરવો જોઈએ. જો આપણે જાતે સારા બનીએ તો તે આપણને જ આધ્યાત્મિક રીતે આગળ વધવામાં મદદ કરશે-બીજાને નહીં. જો વર્ગમાં આપણે કાંઈ સારૂ કરીએ તો બીજાને તેનો લાભ નહીં થાય. તેઓ જો સાધના કરવા ઈચ્છતા હોય તો, તેમણે જાતેજ પ્રયત્ન કરવો જોઈએ.

## હંમેશા ભગવાનની ઉપસ્થિતિમાં / હાજરીમાં જ રહો.

એક પત્રમાં, સ્વામી "ભગવાન સાથે સંવાદ" વિશે વાત કરે છે. તેઓ કહે છે, "તમારે મારી (ઈશ્વર) સાથે હંમેશા વાત કરવી જોઈએ". જ્યારે તમે સાધના કરો છો અને તમારામાં રહેલ અંતરાત્મા (શુદ્ધ ચેતના) સાથે તેમની/પ્રભુની હાજરીનો અભ્યાસ કરો છો અને અનુભવ કરો છો, ત્યારે એ ધ્યાન બની જાય છે! શુદ્ધ ચેતના શું છે? તે એવું જ્ઞાન છે કે શરીર મહત્વનું નથી પણ તે આત્માનું બંધન છે-શુદ્ધ ચેતના.

એકવાર તેમણે જુના ભક્તો કે જેઓ તેમના પાદનમસ્કાર માટે કોલાહલ કરે છે અને સતત તેમની પાછળ દોડતા હોય છે તેમને કહ્યું, “તમે પાદનમસ્કાર માટે મારા ભૌતિક શરીરની પાછળ કેમ દોડો છો? તમે હંમેશા તમારા હૃદયમાં મને કલ્પી (વિઝ્યુઅલાઈઝ કરી) શકો છો, અને મનથી જેટલા નમસ્કાર (પ્રણામ) કરવા હોય કરી શકો છો. તેનાથી વધુ સારા પરિણામો પ્રાપ્ત થશે. કારણ કે તમે તે ભૌતિક ચેતનાને બદલે તમારી આધ્યાત્મિક ચેતનામાં કરી રહ્યા છો”.

શા માટે આપણે સ્વામીના ભૌતિક સ્વરૂપની પાછળ દોડીએ છીએ? આમ કરવાથી, આપણે, આપણી જાતને માત્ર શરીર સુધી મર્યાદિત નથી કરતા, પરંતુ સ્વામીને તેમના શરીર સુધી મર્યાદિત કરીએ છીએ ! આ કોઈ જ્ઞાન (ડહાપણ) નથી ! આ અજ્ઞાન છે. તેથી જ સ્વામી કહે છે કે ભક્તિએ જ્ઞાનની સાથોસાથ પ્રગતિ કરવી જોઈએ. ધ્યાને જ્ઞાન અને ભક્તિને અનુસરવું પડે. ધ્યાન શું છે? તે માત્ર કોઈ આસન નથી. જ્યાં સુધી તમે ઊંડાણમાં ન જાઓ અને તમારી જાતને પૂરેપૂરી તલ્લીન ન કરો, ત્યાં સુધી તે ધ્યાન નથી. તે શ્રેષ્ઠ રીતે ચિંતન હોઈ શકે; ધ્યાન નહીં. વર્ષોની સાધના અથવા આધ્યાત્મિક અભ્યાસ પછી ધ્યાન થાય છે. સ્વામી કહે છે, "પહેલા તો મારી હાજરીમાં હોવાનો મહાવરો પાડો/અભ્યાસ કરો". જો તમે તમારા હૃદયમાં સ્વામી સાથે સતત વાત કરતા હોવ તો તમારે પુટ્ટપર્તિ જઈને સ્વામી સાથે વાત કરવાની/ઈન્ટરવ્યુની ક્યાં જરૂર છે? તે તમારા માતા, પિતા, બંધુ, સખા છે - તમારું બધું જ છે. તેથી, તમારું હૃદય તેમની પાસે ખોલો અને બધું શેર કરો. તમારે એક એવો વિશ્વાસ કેળવવો જોઈએ કે સ્વામી તમારામાં જ છે.

દિવસો સુધી હું દર્શન માટે જતી ન હોવા છતાં મને ઘણા અનુભવો થાય છે. એક મહિનામાં હવે હું કદાચ બે થી ત્રણ વખત જાઉં છું. હું સ્વામી સાથે ભૌતિક રીતે વાત કરતી નથી કે તેમને કોઈ પત્ર પણ આપતી નથી. જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે તે તમને ઘણી અદ્ભુત અને વિશિષ્ટ રીતે પ્રાપ્ત થાય છે, અને તમને આનંદની અનુભૂતિ કરાવે છે. મારી બહેનો અને મારા વિશે તેમણે અમને તબક્કાવાર ઘણું શીખવ્યું છે. જ્યારે શરૂઆતમાં જ્યારે અમે ફૂલ, કપૂર અને અન્ય સામગ્રી અર્પણ કરતાં તે સમયે પણ, સ્વામીએ અમને ઓછામાં ઓછા પુસ્તકો વાંચવાનું કહ્યું હતું. તેઓ કહેતા, "ગુરુના ઉપદેશવાળા પુસ્તકો અને સ્વામીના પુસ્તકો તમને મદદ કરશે". તમને યોગ્ય સમયે સંદેશો આપવાની તેમની પોતાની રીત છે - સ્વામી પુસ્તકો દ્વારા તેમના સંદેશાઓ આપશે.

હું આજકાલ પુસ્તકો ખરીદતી નથી. થોડાક પુસ્તકો તાજેતરમાં પ્રકાશિત થયેલાં છે, જે ખૂબ જ માહિતીપ્રદ છે-“સાઈ દર્શન”, “સાઈકોલોજી”, “સાઈ સંદેશ”. અહીંની વ્યવસ્થા સમજવામાં સાઈ સંદેશ ખૂબ જ મદદરૂપ છે. લેખક સમજાવવા પ્રયાસ કરે છે કે પ્રશાંતિ નિલયમ આશ્રમની વ્યવસ્થા શા માટે આ રીતની છે. કોઈ ખાસ

વ્યક્તિ કે મહત્ત્વની વ્યક્તિને આશ્રમમાં ક્યારેક પ્રાધાન્ય આપવામાં આવે તો આપણે પરેશાન થઈએ છીએ.

પ્રશાન્તિ નિલયમમાં શું થાય છે તે આપણી ચિંતાનો વિષય નથી. તે બધું સ્વામી પર છોડી દેવુ જોઈએ. તેઓ કહે છે, "તમારાથી બનતું શ્રેષ્ઠ કરો, બાકીનું બધુ હું કરીશ"! તેઓ આપણી પાસેથી ખૂબ જ સારા પ્રદર્શનની અપેક્ષા રાખે છે. તેઓ કહે છે, "તમારે ત્રણ-ચતુર્થાંશ (પોણા ભાગનું) આત્મ-વિશ્લેષણ (સ્વ-વિશ્લેષણ) કરવાનું છે અને પા ભાગનો સાધનાનો (આધ્યાત્મિક) અભ્યાસ કરવો જોઈએ". સાધના એટલે જપ, ધ્યાન, ભજન, વાંચન અને આત્મનિરીક્ષણ – મેં આજે કેવું વર્તન કર્યું? મારા દરવાજે મદદ માંગનારને મેં મદદ કરી કે હાંકી કાઢ્યા? શું હું દરેક પ્રત્યે દયાળુ હતો? આપણે આપણામાં રહેલા વિચારોના ભેદભાવને ભુંસી નાંખવા જોઈએ. અદ્વૈત એ બીજું કાંઈ નથી પરંતુ એકતા જ છે. ત્રાસવાદીઓ માટે પણ પ્રાર્થના કરો !

આધ્યાત્મિક સમજજ્ઞ સાથે આ વધુ સુસંગત થાય છે. સ્વામી કહે છે: "તમે બધા વિશ્વના મંચ/રંગભૂમિ પર એક પાત્ર ભજવી રહ્યા છો. જ્યારે તમે અભિનય કરો છો, ત્યારે બીજી વ્યક્તિ કેવું પ્રદર્શન કરી રહી છે તેના પર તમે ધ્યાન આપો છો? તમારે તો તમારૂ પાત્ર જ સફળતાપૂર્વક ભજવવાનું છે તેના પર તમારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ ! તમે થોડા સમય માટે જ મંચ/રંગભૂમિ પર છો. તમારે દરેક પાત્રને સારી રીતે ભજવવું પડે. પણ, જો તમે તમારી જાતને કોઈ એક પાત્ર સાથે અદ્દભુત પ્રેમ કરશો અને તેમાં જ તલ્લીન બની જશો તો તમારે નિરાશ થવું પડશે. અંદરની બાજુએ શું થઈ રહ્યું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. બહારના બનાવો/ઘટનાઓ વિશે ચિંતા ન કરો".

**સાઈના અનુગ્રહમાં શ્રદ્ધા રાખો.**

મને એક પ્રસંગ કહેવા દો જે સ્વામીની સર્વવ્યાપકતા જીવંત સ્વરૂપે વર્ણવે છે. મારો પુત્ર તે વખતે ૮-૯ વર્ષનો હતો. અમે નાગપુરમાં રહેતા હતા. મારા પુત્રને પુખ્ત વયની વ્યક્તિની સાયકલ વાપરવાની આદત હતી, જો કે તેની પાસે કદમાં વધારે નાની એવી બાયસિકલ હતી. તે તેને ગમતી નહોતી. એક દિવસ તે તેના મિત્રો જોડે રમવા ગયેલો. મોટી સાયકલ પર સવારી કરીને, અને તેના હાથમાં ફુટબોલ ઊંચકીને લઈ જતો હતો. તેઓ રમ્યા પછી ઘર તરફ પાછા આવી રહ્યા હતાં. તે હજી એટલા ઊંચો પણ નહોતો કે સીટ ઉપર બેસીને પેડલ મારી શકે, તેથી સાકલ ઉપર ઉભો રહીને પેડલ મારતો હતો તે વખતે ફુટબોલને પણ એક હાથે સમતોલનપૂર્વક પકડી રાખવો પડતો. ત્યાર બાદ રસ્તાની બાજુએ વીજળીનો તાર નાંખેલ, ગંદા પાણીની મોટી સાંકડી નીક/નહેર આગળ સાયકલ પરનો કાબૂ ગુમાવતા, હાથમાંથી બોલ પડી પડ્યો અને સાયકલ ખટાકા સાથે તેના પર પડી. તેને આખા શરીરે ઉઝરડા પડી ગયા અને કાદવથી ખરડાઈ ગયો. સદ્દનસીબે તેના હાડકા અકબંધ હતા. તે સાયકલને ધક્કો મારતો ઘરે આવ્યો. તે સ્થળ, તેના મિત્રના ઘરથી થોડે દૂર હતું જ્યાં તે રમતો હતો. તેને જોતાજ મને આંચકો લાગ્યો અને આઘાત પામી.

મેં તાત્કાલીક ડોકટરને બોલાવ્યા. તે એકાદ બે કલાક પછી તેને તપાસવા આવ્યા. આ સમય દરમ્યાન મારા દિકરાને તાવ આવી ગયો. ડોકટરે કહ્યું કે આ કદાચ સેપ્ટીક બની શકે, લોહીમાં ઝેર પ્રસરી શકે, જે પ્રાણઘાતક થઈ જાય જો તેની તાત્કાલીક સારવાર કરવામાં ન આવે તો (હાલમાં ધનુરના ઈન્જેક્શન અપાય છે). તેમણે

સલાહ આપી કે વધારે વિલંબ કર્યા વિના જે દવાઓ લખી આપું તે દવા શરૂ કરો.

કમનસીબે, મારા પતિ તે સમયે દૂર હતા. ડૉક્ટરે કહ્યું કે શહેરમાં હડતાળ હોવાથી તેમને દવા મળી શકી નથી, અને તેમની હોસ્પિટલમાં પણ આ દવાનો સ્ટોક નથી. તેમણે મને કહ્યું કે, તમારે શક્ય તેટલી જલદી આ દવા લઈ આવવી જ પડશે. મને તરત વિચાર આવ્યો, "હું મારા બાળકને એકલો મૂકીને કેવી રીતે જઈ શકું"? મેં મદદ માટે સ્વામીને પ્રાર્થના કરી. થોડી જ વારમાં, મારી એક મિત્ર, માધવી, કે જે નર્સિંગ કોલેજમાં હતી, તે કોઈ કામથી મારા ઘરે આવી. મેં મારા દિકરાની સંભાળ તેને સોંપી, તેનો ખૂબ આભાર માન્યો, અમારા ઘરના પટાવાળા (ચપરાસી)ને અમારી કારમાં કેમિસ્ટ પાસે લઈ ગઈ. દુકાન બંધ હતી, અને કેમિસ્ટ આસપાસ પણ નહોતા. હું તેમના ઘરે ગઈ, મેં જોયું કે તેઓ ત્યાં પણ નહતા.

સ્વામી હંમેશા પરીક્ષણ કરે છે કે તમે કેટલા પ્રયત્નશીલ છો ! તેમની મદદ હંમેશા છેલ્લી ઘડીએ આવે છે, તમે તમારા શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા પછી !

હું કેમિસ્ટની પત્ની શ્રીમતી બેનરજીને તેમના ઘરે જઈને મળી તેમના પતિ ક્યારે પાછા ફરશે તે વિશે પૂછ્યું. તેણીએ કહ્યું કે તેઓ હોટેલમાં કેટલાક કામની દેખરેખ માટે ગયા હતા અને તે હોટેલ તેમના દ્વારા જ ચાલતી હતી, જ્યાં તેમની દવાની દુકાન હતી તે જ મકાનના ઉપરના માળે આવેલી હતી, તેઓ લગભગ રાત્રીના આઠ વાગ્યા સુધીમાં પાછા આવી જવા જોઈએ. હું સ્વામીને પ્રાર્થના કરતી બેસી રહી. રાત્રના ૯ વાગ્યા પહેલા, એક સજ્જન આવ્યા અને શ્રી બેનર્જીના પત્નીને કહ્યું કે તેમના પતિને દુકાનની ચાવીની જરૂર છે.

બીજા કોઈકને પણ તાત્કાલિક દવાની જરૂર હતી. શ્રીમતી બેનરજીએ સાઇકલ પર આવેલા સજ્જનને ચાવી આપી. મેં તેમને કહ્યું કે હું મારી કાર લઈ દુકાન સુધી તેમની પાછળ આવુ છું. અને તે રીતે હું શ્રી બેનરજીને મળી, તેમણે મને દવા આપી, અને પછી, હું તરત જ ઝડપથી ઘરે ગઈ અને મારા પુત્રને દવા આપી. થોડા દિવસો પછી તેની તબિયત કોઈ તકલીફ વિના સારી થઈ ગઈ.... (ક્રમશઃ....)

સૌજન્ય: શ્રી સત્ય સાઈ મીડિયા સેન્ટર

લેખિકા- લગભગ ૬૦ વર્ષોથી એક નિષ્ઠાવાન અને સમર્પિત ભક્ત છે, ૧૯૫૦ ના અરસામાં ભગવાન બાબા પાસે આવ્યા હતાં. ભગવાન તેમને 'રાણી મા' કહીને બોલાવતા હતા. તેમનું જીવન સ્વામીની દિવ્યતા અંગે ઝળહળતા અનુભવોનો ખજાનો હતું.

## સત્તા - શાંતિ અને સુખ નથી અપાવતી

**આદમી એક નાની સરખી પણ મુશ્કેલી સહન નથી કરી શકતો. એક જગ્યાથી બીજી જગ્યાએ બદલી પર જવા જેવી નાનકડી વાતથી પણ તે ગભરાય છે. પોતાના બાળકોને કંઇક માંદગી આવી જાય તો પણ ભયભીત થાય છે. પોતાની સાચી શક્તિનું ભાન ન હોવાને કારણસર એ ભયના પંજામાં જકડાયેલો હોય છે. આ બધાંનું મૂળ કારણ, શિક્ષણ. આધુનિક શિક્ષણ માનવીના બાહ્ય જગતને ઉપલક્ષીને છે ; એનાથી એ પૈસા કમાય છે અને પોતાનું પેટ ભરે છે. એના વડે માત્ર એની શારીરિક અને ક્ષણભંગુર જરૂરિયાતો પૂરી થાય છે. કોઇ ગમે તેટલો પૈસો કમાય પણ એમાંથી માનસિક શાંતિ ન મળે બહુ બહુ તો પૈસાથી ભૌતિક સગવડો મળી રહે ; એનાથી આધ્યાત્મિક આનંદ કંઇ મળી ન જાય. માટે કોઇ પણ સંજોગોમાં આપણે અધ્યાત્મનો સિધ્ધાન્ત ભૂલવો નહિ. અધ્યાત્મના સિધ્ધાન્તને જાળવી રાખો તો ભૌતિક સમ્પત્તિના અભાવમાં પણ તમે શાંતિ અને સુખ અનુભવી શકો. શાંતિ અને સુખ શેમાં છે ? ‘‘હરિ ભજન બિના સુખ શાંતિ નહિ.’’ માત્ર ઇશ્વરનાં ગુણગાન કરવાથી જ તમને શાંતિ અને સુખ મળી શકે ; પૈસા અને સાંસારિક સત્તા વડે નહિ. પૈસો, સત્તા અને બિનઆધ્યાત્મિક ભણતર, તમારી શારીરિક જરૂરિયાતો પૂરી પાડી ને સાંસારિક જીવન જીવવામાં મદદ કરે છે.**

**દિવ્ય પ્રવચન : ૬ ઓગષ્ટ, ૨૦૦૮**

ડીસેમ્બર ૨૦૨૧ થી ચાલુ...

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના અનુભવો

જ્યોત્સના રેડ્ડી

શરૂઆતના દિવસોમાં પ્રશાંતિ નિયલમમાં કેવું હતું એ હું તમને કહીશ. ચારે તરફ રેતી હતી અને બરાબર વચ્ચે જુનું પ્રશાંતિનિલયમ હતું. અને અલબત, આપણા ચૈતન્યમૂર્તિ, આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા, સ્વામી. જે દરેક જગ્યાએ હરતા-ફરતા હતાં. તેઓ સમયાંતરે અમને ઈન્ટરવ્યુ આપતા હતાં. અવાર-નવાર તેઓ કહેતા, "દીક્ષિત, તારા પરિવાર સાથે ઈન્ટરવ્યુમાં આવ''. દશેરા વખતે અમે લગભગ ૧૦ દિવસ સુધી ત્યાં રોકાયા હતાં. અમને દરરોજ ઈન્ટરવ્યુ નહોતો મળતો પરંતુ અવાર-નવાર મળતો. તે દિવસોમાં

"શંકર રૂપા સજ્જનવદિત, સીયારામા નમોસ્તુતે,
રઘુપતિ રૂપા, રમ્ય ચરિતા, સાઈરામા નમોસ્તુતે,
કેશવ રૂપા, ક્લેશ વિનાશક, સાઈરામા નમોસ્તુતે,
અદ્દભુત ચરિતા, આંજનેયા આત્મરક્ષકા નમોસ્તુતે."

આ આરતી જુના મંદિરમાં ગવાતી હતી. સુંદર અર્થ સાથેની આ આરતી ખૂબ સરસ હતી. સંસ્કૃતની વિદ્યાર્થીની હોવાથી હું તેનો અર્થ ખૂબ સારી રીતે સમજી શકતી હતી.

હું અત્યંત ભાગ્યશાળી હતી કે સત્ય સાઈ બાબાએ જે શિરડી સાઈની મૂર્તિ ઉપર અભિષેક કર્યો હતો તે જોવાની મને તક મળી હતી. અમે બધા ખરેખર ખૂબ જ ધન્ય હતાં કે આવી અદ્દભુત ઘટનાઓના અમે સાક્ષી હતાં. જ્યારે હું આવી અદ્દભુત ઘટનાઓને યાદ કરૂં છું ત્યારે તેનું વર્ણન કરવા મારી પાસે પૂરતા શબ્દો નથી હોતા. સ્વામી, રાજારેડ્ડીના ઓરડામાં ચેઈન્જ કરવા જતાં કારણ કે તેઓ તેની નજીકજ રહેતા હતાં. ફરી પાછા તેઓ આવતા અને ભજનનો આનંદ માણતા. તે વખતમાં રાજારેડ્ડી, મોહનરાવ, વિજયમ્મા, ઈરાડી બ્રધર્સ અને રામલક્ષ્મણ જેવા ગાયકો હતાં. ઘણાં બધાં લોકો એવાં હતાં કે જે મનોહર સુંદર ભજનો ગાતા હતાં.

પછી અમે લોકો મુંબઈ પાછા આવ્યા. સ્વામી પણ મુંબઈ આવ્યા અને મોદી નામના એક પારસી સજ્જનના જુના બંગલામાં રોકાયા હતાં. તે મુંબઈની અંધેરી વિસ્તારમાં હતો. ધર્મક્ષેત્રના નિર્માણ પહેલાં સ્વામી અહીં ઓછામાં ઓછા ૭ કે ૧૦ દિવસ સુધી રોકાતા હતાં. અહીં, મોદી બંગલામાં સ્વામીને માટે મારા પિતાશ્રીએ શિરડી સાઈ બાબા પરની મરાઠી ફિલ્મ "શિરડીચે શ્રી સાઈ બાબા" ના વિશેષ સ્ક્રીનીંગનું આયોજન કર્યું હતું. શિરડી સાઈ બાબા પર બનેલી તે પ્રથમ મરાઠી ફિલ્મ હતી જે ૧૯૫૫ માં બની હતી. સ્વામીની કૃપાથી તેને ૧૯૫૬ માં રાષ્ટ્રપતિનો "અખિલ ભારતીય રાજ્ય ફિલ્મ" નો પુરસ્કાર મળ્યો હતો.

મારા પિતાજીએ આ ફિલ્મ માટે સંગીત, ગીતો તથા પટકથા આપ્યા હતાં. અને ફિલ્મના સંશોધન અને નિર્માણમાં પણ સક્રિય રીતે સામેલ હતાં. હું ભાગ્યશાળી હતી કે આ ફિલ્મમાં મને નાનકડી હરિજન છોકરી 'ઝીપરી'નો નાનો રોલ મળ્યો હતો. તે (ઝીપરી) શિરડીની હતી અને તે અવાર-નવાર બાબા સાથે રહેતી હતી. તે એક ખૂબ જ સુંદર અનુભવ હતો. તેમાં શિરડીના જુનાં દિવસોનું વર્ણન હતું અને સ્ટુડીઓમાં આખું વાતાવરણ અદ્દભુત રીતે

જીવંત બતાવવામાં આવ્યું હતું. શિરડી સાઈ બાબાની ભૂમિકા શ્રી આંગરે દ્વારા ભજવવામાં આવી હતી. સ્વામીને આ ફિલ્મ ખૂબ જ ગમી અને તેના વખાણ પણ કર્યા. પછી તેમણે કહ્યું, "દીક્ષિત, ચલો ઈન્ટરવ્યું દેતા". ફરી ઈન્ટરવ્યુ એટલે મારા પિતાજીએ કહ્યું, "સ્વામી, બીજા દિવસે મારી દીકરીની પરીક્ષા છે". સ્વામીએ પૂછ્યું, "કઈ પરીક્ષા" મારા પિતાજીએ કહ્યું, ''બી.એ.(ઓનર્સ) સંસ્કૃતમાં''. તેમણે મને પૂછ્યું, "કયુ પેપર છે'. મેં કહ્યું, "ભગવદ્દગીતા". પછી તેમણે પૂછ્યું, "ભગવદ્દગીતાનો ભાવાર્થ શું છે?" સંસ્કૃતના વિદ્યાર્થી તરીકે મેં વર્ણન કરવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું, "ના, ના, આ ભગવદ્દગીતાનો ભાવાર્થ નથી. ભગવદ્દગીતાનો ભાવાર્થ છે મમ ધર્મ. ભગવદ્દગીતા ધર્મ શબ્દથી શરૂ થાય છે અને મમ શબ્દથી પૂર્ણ થાય છે. સ્વામીએ મને પૂછ્યું, "ધર્મનો અર્થ શું થાય છે?" મેં કહ્યું, "ધર્મનો અર્થ ધર્મ (રીલીજીયન) થાય છે." તેમણે કહ્યું, "ના, એવું નથી. ધર્મ એટલે પ્રેમ સાથેની ફરજ છે". પછી તેમણે મને પૂછ્યું, "ભગવદ્દગીતામાંથી તમને ક્યા શ્લોકો યાદ છે?" મેં એક સંસ્કૃત વિદ્યાર્થીની જેમ શરૂ કર્યું, "યા નિશા, સર્વભૂતાનામ...." પછી તેમણે મને શ્લોક વિસ્તૃત રીતે સમજાવ્યો. જ્યારે સાઈકૃષ્ણએ પોતે મને ભગવદ્દગીતા વિશે કહ્યું ત્યારે કોઈ આશ્ચર્યની વાત નથી. જ્યારે હું પરીક્ષા આપવા ગઈ ત્યારે સૌથી પહેલો પ્રશ્નએ હતો કે ભગવદ્દગીતાનો ભાવાર્થ શું છે? પછી તેમાંથી એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે શ્લોક સમજાવો, "યા નિશા, સર્વભૂતાનામ...." અને મને મારા પેપરમાં ડિસ્ટીંક્શન માર્ક્સ મળ્યા.

સ્વાભાવિક રીતે જ, એ સાઈ લીલા જ હતી. સ્વામી સાથેની મુલાકાત દરમ્યાન મેં સ્વામીને પૂછ્યું, "તમે હંમેશા કહો છો કે ભક્તિ જ શ્રેષ્ઠ છે. તો પછી તમે કેમ કહો છો કે કર્મકાંડ હોવું જોઈએ?" તો આ ધાર્મિક વિધિઓ શા માટે છે? આ ધાર્મિક વિધિઓનું મહત્વ શું છે? તેમણે કહ્યું, "જો તે યોગ્ય રીતે કરવામાં આવે છે તો તેનું પણ ખૂબ મહત્વ છે. તેને યોગ્ય અને સાચી રીતે કરવી જોઈએ. પછી તે ખૂબ ઉપયોગી નિવડે છે. કારણ કે તે કાળ (સમય)ને શુદ્ધ કરે છે. આ તેનું મહત્વ છે. બાકી તો માત્ર ધાર્મિક વિધિઓનું કોઈ મહત્વ નથી. તેને પૂર્ણ રીતે થવી જોઈએ જેમ પ્રશાંતિ નિલયમમાં વેદોનું ગાન થાય છે. જ્યારે ધાર્મિક વિધિને પ્રેમથી અને સંપૂર્ણતાથી કરવામાં આવે છે ત્યારે તે ધાર્મિક વિધિઓ આધ્યાત્મિક બની જાય છે. પછી તે ખૂબ જ અર્થપૂર્ણ બની જાય છે અને તે ખૂબ ગહન થઈ જાય છે". જ્યારે સ્વામીએ મને કહ્યું ત્યારે હું ખૂબ રોમાંચિત થઈ ગઈ કારણ કે મને ક્યારેય કર્મકાંડનો સાચો અર્થ ખબર નહોતો. આ પણ મેં મારા 'ગીતા'ના પ્રશ્ન પત્રમાં લખ્યું હતું. મેં મારા પેપરમાં બધું જ લખ્યું હતું. હું વિચારતી કે પરીક્ષક પણ સ્તબ્ધ થઈ ગયા હશે કે આ છોકરીને આટલું બધું ગહન જ્ઞાન ક્યારે મળ્યું હશે. એમાં કોઈ આશ્ચર્ય નથી કે મને ડિસ્ટીંકશન માર્ક્સ મળ્યા.

---

**સૌજન્ય- શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર**

**લેખક- શ્રીમતી જ્યોત્સના રેડ્ડી. સ્વર્ગસ્થ શ્રી બી.વી.રાજારેડ્ડીના પત્ની છે. જેઓ ભગવાન સાથે રહ્યા અને ઘણાં વર્ષો સુધી તેમની સેવા કરી. તેઓ પ્રતિભાશાળી ભજન ગાયક હતાં.**

# સ્વામી દૈવી ડૉક્ટર છે

ડૉ. પદ્મા શ્રીનિવાસન્

મારો લેખ સ્વામીમાં રહેલી દર્દ નિવારક શક્તિ વિશે છે. સ્વામીએ અસંખ્ય દર્દીઓને ફક્ત આશ્વાસનના શબ્દો દ્વારા જ સારા કર્યા છે. એમણે વિભૂતિ દ્વારા સાજા કર્યા છે. તેમણે તેમની પ્રાર્થના કરીને સાજા કર્યા છે. મેડિકલ ક્ષેત્રની એમની શક્તિ કોઈની પણ સમજશક્તિ બહારની છે. "ભગવાનનો સ્વીકાર" એ ઉત્તમ રસ્તો છે. એમણે જે અજાયબીભર્યું કાર્ય દર્દ કે પીડા આપ્યા વિના કર્યું છે, તે ભગવાનને આપણે કૃતજ્ઞતા અર્પણ કરીએ.

**હું સ્વામી તરફ કેવી રીતે આકર્ષાઈ.**

હવે મને પ્રથમ એ વાત યાદ કરવા દો કે હું સ્વામી તરફ કેવી રીતે આકર્ષાઈ કે ખેંચાઈ હતી. ૧૯૯૪માં અમે અમારો ફ્લેટ ખરીદયો. આર્કિટેક્ટે અમને લાકડાનું પૂજા કરવાનું કબાટ અને બારણાંઓ ઉપર બે શણગારેલ બેલ્સ સાથે આપ્યો. અભરાઈ ઘણી સારી હતી. હું અત્યંત ખુશ હતી. મેં તેની અંદર શ્રી ગણેશજી, શ્રી લક્ષ્મીજી, શિવ-પાર્વતીજી વગેરેની સામાન્ય મૂર્તિઓ રાખી હતી.

નવા ફ્લેટમાં રહેવા ગયાને છ માસથી વર્ષનો સમય થયો હશે ત્યાં તો મને અને મારા પતિને વિવિધ સમસ્યાઓ શરૂ થઈ ગઈ. અમારા પડોશી શ્રીમતી સત્યા સંજય એક દિવસ અમારા ઘરે આવ્યાં અને કહ્યું, "આન્ટી પૂજા કબાટ ની દિશા ખોટી છે". મને તરત જ લાગ્યું કે અમારા ઘરની મુશ્કેલીનું કારણ આ જ છે. તેથી, તરત જ મેં કડિયાને બોલાવ્યો. તેને કહ્યું કે મંદિર જેવું આકર્ષક સ્ટ્રક્ચર તૈયાર કરો અને તેનું મુખ પૂર્વ તરફ રાખો. એણે તે તૈયાર કર્યું. એણે એનો દેખાવ નાના મંદિર જેવો બનાવ્યો. હું અત્યંત ખુશ થઈ. હું વિનાયકની મૂર્તિ લાવી અને એમાં સ્થાપિત કરી. પછી બીજા બધા દેવો પ્રવેશ્યા. પરંતુ એક જગ્યા હજી ભરવાની બાકી હતી. મને પ્રશ્ન થતો હતો કે એમાં કઈ મૂર્તિ ગોઠવવી.

શ્રી શિરડી સાઈબાબા મારા સ્વપ્નમાં દેખાયા અને મને કહ્યું, "મારી મૂર્તિ ત્યાં ગોઠવો." હું જાગી ગઈ અને મારા પતિને સ્વપ્નની વાત કરી. મારા માટે મંદિરમાં મૂર્તિ ગોઠવવાનું આ અતિ યોગ્ય સૂચન હતું. પરંતુ મારા પતિની ટીપ્પણીએ મને વિચાર કરતી કરી મૂકી. તેમણે કહ્યું, "તું શું વાત કરે છે ? તેઓ એક મહાન સિદ્ધપુરુષ છે. એમનું તારા સ્વપ્નમાં આવવું એ ઘણી મોટી બાબત છે." હું નહોતી જાણતી પરંતુ હું એ જાણીને આનંદિત થઈ.

ડૉ.એમ.એસ.સુંદરરાજન્ એક પ્લાસ્ટિક સર્જન હતા. તેમના કેસોને હું એપોલો હોસ્પિટલમાં એનેસ્થેસાઈઝ કરતી હતી. તેઓ શ્રી સત્ય સાઈ બાબાના ભક્ત હતા. એમના પત્નિ અને ડૉ.સુંદરરાજન્ વારંવાર પર્થીની મુલાકાત લેતા હતા. એક દિવસ એમણે મને તેમની ઓફિસમાં બોલાવી અને વર્તમાનપત્રમાં વીંટાળેલો એક મોટો ફોટો મને આપ્યો. એમણે મને સમજાવ્યું કે આ સ્વામીનો ફોટો છે. મને સ્વામીની પ્રાર્થના કરવા કહ્યું કે જેથી મને મારી મુશ્કેલીઓમાંથી રાહત મળે. મેં તેમને કહ્યું, "મારી પાસે ઘરે શિરડીવાળા સાઈ બાબા તો ક્યારના છે." તેમણે જવાબ આપ્યો, ડૉ.પદ્મા, તેઓ બંને સમાન જ છે. મહેરબાની કરીને ફોટો લઈ જાઓ." મેં કહ્યું, "સાઈરામ તમારો આભાર" તે એક ચમકદાર માઉન્ટેડ આનંદિત હાસ્યવાળો ફોટો હતો. મંદિર માટે તે ફોટો અત્યંત મોટો હતો. તેથી

મેં તેને હોલમાં એક ટેબલ ઉપર મૂક્યો.

ત્યાર પછી, હું અને મારા પતિ શિરડીની યાત્રાએ ગયા. જ્યારે અમે પાછા ફરી રહ્યા હતા ત્યારે મારા પતિએ મને લાલ પટ્ટીથી બાંધેલી એક ચોપડી આપી અને કહ્યું, "આ શિરડીના બાબા વિશે છે. તું તે વાંચી શકે છે અને તને એમના વિશે ઘણું જાણવાનું મળશે.

જ્યારે અમે ચેન્નાઈ પહોંચ્યા, હું પુષ્કળ શાંતિ અનુભવી રહી હતી. બીજી કોઈ ચિંતાઓ પણ નહોતી એટલે મારું કામ હું શાંત ચિત્તે કરી શકતી હતી. દરરોજ સાંજે હોસ્પિટલથી ઘરે આવ્યા બાદ હું હંમેશાં બેસીને "શિરડી સાંઈચરિત્ર" વાંચતી હતી. જ્યારે હું વાંચન કરી રહી હતી ત્યારે મેં એક લીટી વાંચી, જેમાં કહેવાયું હતું, "જે કોઈ વ્યક્તિ શિરડીના ધામમાં પગ મૂકશે, તેની બધી જ મુશ્કેલીઓ અદ્રશ્ય થઈ જશે અને શાંતિ સ્થપાશે." મને આશ્ચર્ય એ વાતનું થયું કે અહીં મારી જ બધી લાગણીઓ સમજાવાઈ હતી. હવે મેં નક્કી કર્યું છે કે હું નોંધ કરીશ, એટલે કે અગત્યના વાક્યોને હું જિંદગીભર યાદ રાખવા માંગીશ, તેને લખી રાખીશ.

એક સવારે હું જાગી ગઈ. રસોડામાં પ્રવેશી લાઈટો ચાલુ કરી. મેં શિરડી સાઈ બાબાના પગની આસપાસ "સફેદ પાવડર" જોયો. મેં મારા પૌત્રોને પૂછ્યું, "તમે શા માટે સાઈબાબાના પગની આસપાસ ચોક પાવડર લગાવ્યો છે ?" તેમણે ના પાડી. તેઓને પુછવા બદલ મારા પતિએ મને ઠપકો આપ્યો. બીજી સવારે ખુલાસો મળ્યો. બાબાએ વાળેલા પગના મોટા અંગુઠાની આસપાસ વિભૂતિઓનો તાર રચાયો હતો. પછી મોટી માત્રામાં વિભૂતિ મોતી જેવા સારા કદમાં પડી. હું તે જોતી રહી, તે સતત ચાલતી પ્રક્રિયા હતી.

એક મહિના બાદ, મારા પતિ, બે પૌત્રીઓ અને હું એમ્બેસેડર કાર દ્વારા કાંચીપુરમ જવા માટે નીકળ્યા અને કામાક્ષીની મુલાકાત લેવા માંગતા હતા. અમારી શાંતિ પૂર્વકની મુસાફરી દરમ્યાન હું ભગવાન વિશે વધુ શીખવા લાગી. મેં શિરડી બાબા અને બાલાજી મંદિરની મુલાકાત લીધા બાદ, સત્ ચરિત્ર વાંચવાનું શરૂ કર્યું.

અમે ૪ વાગ્યે કાંચીપુરમ્ પહોંચ્યા અને મંદિરમાં પ્રવેશ્યા. અમે દોરડાની બંને બાજુએ ઉભા હતા. અમે મૂર્તિનો નજારો લઈ રહ્યા હતા. મારા કાનમાં કંઈક અવાજ સંભળાયો, "તમારૂ કાર્ડ બતાવો." મેં તેની અવગણના કરી. પૂજારી આવ્યો, બધા ભક્તો પાસેથી બધાં ફૂલો, પ્રસાદ વગેરે ભેગાં કર્યાં. ફરીથી અવાજ સંભળાયો, "તમારૂ કાર્ડ બતાવો". ફરીથી પૂજારી આવ્યો અને પૂજાની વધુ સામગ્રી વિશે પૂછવા લાગ્યો. પછી મેં મારું કાર્ડ કાઢ્યું અને તેને આપ્યું. તેણે તે વાંચ્યું અને મને મંદિરની પાછળની બાજુએ આવવા કહ્યું. અમે તે તરફ ચાલતા ગયા અને એમણે બારણું ઊઘાડ્યું. અમે અંદર દાખલ થયા. અમે ચાર જણા ગર્ભગૃહમાં હતા અને અમને કામાક્ષી અમ્માની સામે જ બેસાડવામાં આવ્યા. પૂજા શરૂ થઈ. પુષ્કળ અભિષેક વર્ષા થઈ પછી વિભૂતિનો અભિષેક શરૂ થયો. પછી મેં જોયું કે ત્યાં ફક્ત કામાક્ષી અમ્મા જ નહીં પરંતુ પુત્તપર્થીના શ્રી સત્ય સાઈ બાબા પણ બેઠા હતા. મેં મારો શ્વાસ રોક્યો. શાંતિથી બેસીને બધું જોવા લાગી. સ્વામી સમગ્ર અભિષેક અને આરતી દરમ્યાન બેઠા અમે પ્રસાદમાં કુમકુમ, ફળો અને ફૂલો લઈને બહાર આવ્યા. અમે અમારી કારમાં બેઠા અને ચેન્નઈ તરફ રવાના થવાની શરૂઆત કરી.

રાત્રિની શરૂઆતમાં જ પંક્ચર પડવાથી અમારી કાર અટકી ગઈ. આથી કાર ઠીક થાય ત્યાં સુધી રાહ જોવા લાગ્યા. એકાદ કલાક થયો. તે રોકાણ દરમ્યાન મારી મોટી પૌત્રીએ મોટેથી

જાહેર કર્યું કે તેણે પર્થી બાબાને અમ્માની જગ્યાએ બેસીને વિભૂતી અભિષેક કરતા જોયા. હું પણ મારો ઉત્સાહ છુપાવી ન શકી અને તરત જ કહ્યું કે "મેં પણ જોયું હતું." મારા પતિ ગુસ્સે થઈ ગયા. તેમણે કહ્યું કે-કોઈ ઉન્માદપૂર્ણ બક્વાસ નહી. ડ્રાઈવર આવ્યો. તે ઉત્સાહમાં હતો કે તેણે બીજું ટાયર ફીટ કર્યું હતું. પછી મારા પતિ બીજી વાતમાં ગુંથાયા. અમે ચેન્નઈ તરફ આગળ વધ્યા અને રાત્રે ૧૦:૩૦ કલાકે ઘરે પહોંચ્યા. અમે જ્યારે લાઈટો ચાલુ કરી ત્યારે સ્વામીના ફોટા ઉપર વિભૂતી જોઈ. તે પૂર્ણિમાનો દિવસ હતો.

તેને કારણે હું સ્વામી વિશે વધુ જાણવા ઉત્સુક બની. સુંદરમ્ ની મુલાકાત લીધી, ભજનોમાં ભાગ લેવાનું શરૂ કર્યું, પુત્તપર્થીની મુસાફરીઓ વધારી, નોર્થ ઈન્ડિયન કેન્ટીનના ભોજનનો આનંદ માણ્યો, પુસ્તકોની લાઈબ્રેરી તરફ જવાનું શરૂ કર્યું, પુસ્તકો-કેસેટ વગેરે ખરીદવાનું શરૂ કર્યું: હું સ્વામીની સંપૂર્ણ ભક્ત બની ગઈ. અને ઘરે પણ ભજનો શરૂ કર્યા. દરેક સત્રમાં સ્વામીજી દ્વારા વિભૂતીથી સન્માનિત કરવામાં આવ્યા. તેમાં સ્વામીનો નવો ફોટો, કુમકુમ, ચંદન દરેક મૂર્તિ પર લગાવવામાં આવતાં, બાબાના વાળને પણ મંજન કરવામાં આવતું.

હું એ કહેવા ઈચ્છું છું કે ૩૫ વર્ષની મારી દીકરી શોભારાજન્ ની સ્વામી કેવી રીતે કાળજી રાખતા હતા. તેને પીઠનો તીવ્ર દુ:ખાવો શરૂ થયો. એમના પતિ મરીન એન્જિનિયર હતા. તેઓ વિદેશમાં હતા. શોભા એની સાત વર્ષની દીકરી જોડે રહેતી હતી. હું તેને જોવા દોડી ગઈ. તેને પથારીવશ જોઈ. તે બેસી પણ શકતી નહોતી. ટોઈલેટ પણ જઈ શકતી નહોતી. મેં તેને અઢેલીને બેસવા કહ્યું અને પીઠના દુ:ખાવાની જગ્યા બતાવવા કહ્યું. તેણે તે જગ્યાએ તેનો હાથ મૂક્યો. મેં જોયું અને હું ગભરાઈ ગઈ. કરોડરજ્જુના હાડકા ઉપર ઘણો મોટો સોજો હતો. હું તે સમયે એપોલો હોસ્પિટલમાં એનેસ્થેસીઓલોજીસ્ટ તરીકે સલાહકાર હતી એટલે મેં તરત જ હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સ બોલાવી.

**સ્વામીના ચમત્કારિક ઈલાજો.**

તેને હોસ્પિટલ લઈ જવામાં આવી. ત્યાં ઓર્થોપેડીક સર્જન ડૉ.ઉમાચંદ્રન્એ તેને તપાસી અને કહ્યું કે તે "ગીબ્બસ" છે, એટલે કે કરોડરજ્જુના મણકાનું ચોંટી જવું. તે ખૂબ જ અવ્યવસ્થિત હતું ! દાખલ થયા બાદ તેને પાણીની પથારી પર મૂકવામાં આવી અને પથારીવશ દર્દી જાહેર કરવામાં આવી. ત્યાર પછીના થોડા દિવસો દરમ્યાન બધા જ જરૂરી તપાસ શરૂ કરવામાં આવ્યાં-જેમકે એમ.આર.આઈ. સ્કેન, કરોડરજ્જુની એસ્પાંરેશન બાયોપ્સી કરવામાં આવી. નિદાનમાં કરોડરજ્જુનું ટ્યુબરક્યુલોસીસ આવ્યું. એન્ટી-ટ્યુબરક્યુલોસીસ સારવાર શરૂ કરવાની સુચના આપવામાં આવી. ડૉ. ઉમાચંદ્રન્એ સર્જરી કરવાનું પણ સૂચવ્યું. તેમાં નાશ પામેલાં હાડકાંને દૂર કરવાં અને પીઠની સ્થિરતાને કાપવાનું હતું. આ ખૂબ જ જટીલ પ્રક્રિયા હતી અને તે પણ કરોડરજ્જુમાં હતી, તેમાં વેન્ટિલેટર વગેરે પણ જરૂરી હતાં.

હું ધ્રુજી ગઈ. મેં કહ્યું, "મહેરબાની કરી મને થોડો સમય આપો એમના પતિને જણાવવું જોઈએ અને તે જ સારું રહેશે" તેથી ડૉ. ઉમાચંદ્રન્એ તેને ઘરે જવા રજા આપી દીધી અને ઘરથી જ સારવાર કરવા અને પછીથી પરત લાવવા કહ્યું. તેના ઘરે પહોંચ્યા બાદ બે દિવસ પછી તેનો પતિ રંજન પાછો આવ્યો. રંજને કહ્યું, "જહાજમાં બાબા મારા સપનામાં આવ્યા" તેમણે

કહ્યું, "ઘરે ખરાબ સમાચાર છે, પરંતુ ચિંતા કરશો નહીં. બધાં સારાં વાનાં થશે"

તેથી હું પર્થી જવા રવાના થઈ. સ્વામીના દરવાજા તરફની પ્રથમ હરોળમાં હતી. સ્વામી આવ્યા. મારી સામે ઉભા રહ્યા. પરંતુ મારી જીભ ઉપડતી નહોતી. મેં મારી દીકરીનો ફોટો ઊંચો કર્યો. એમણે ફોટાને આશીર્વાદ આપ્યા અને દૂર ચાલ્યા ગયા. મેં કશું પણ પૂછ્યું નહીં. દર્શન પૂરાં થયાં. તે દિવસોમાં કોઈ ફોન સગવડ નહોતી. હું તરત જ ગણેશ ગેટ સામે એક દુકાનમાં દોડી ગઈ અને મારા જમાઈને ફોન કર્યો. મેં ઉત્સાહપૂર્વક કહ્યું કે સ્વામીએ ફોટાને આશીર્વાદ આપ્યા છે. તેમણે પૂછ્યું, "અમ્મા, કયા સમયે ?" મેં કહ્યું, "આશરે સવારે ૯ કલાકે". તેઓ ઉત્સાહપૂર્વક ચિચિયારી પાડી ઊઠ્યા અને કહ્યું, "ચોક્કસ ૯ કલાકે તે બેઠી થઈ, વોકર હાથમાં લીધું અને ચાલવા લાગી". કોઈ સર્જરી કરવામાં આવી નહોતી. છતાં ધીમે ધીમે તેની સામાન્ય સ્થિતિ પુન સ્થાપિત થઈ. તંદુરસ્તી અને ચાલવાનું બળ ફરી પ્રાપ્ત થયાં.

આ બધું બન્યું એ પહેલાં, હું સાઈ કુલવંત હૉલમાં પ્રથમ હરોળમાં બેઠી હતી. સ્વામીએ મારી સામે જોયું અને હવામાં "ૐ" એમના હાથના ઈશારાથી દોર્યું અને મને અભય બતાવ્યું. મને આશ્ચર્ય થયું આ ઈશારો આજે શા માટે ? એને હું શું કહી શકું ? શું તે સ્વામીનો ચમત્કારિક ઈલાજ છે? હા, ખરેખર, તે છે. સ્વામી, હું આપની અત્યંત કૃતજ્ઞ છું.

હવે મારા પતિનો ટી.આઈ.એ. (ક્ષણિક ઈસ્ચાઈમીક એટેક). તેઓ મારી સામે બેઠા હતા. વાતો કરતા હતા અને મેં આપેલી ફાઈલ વિશે મને સલાહ આપી રહ્યા હતા. મને કેટલીક શંકાઓ હતો અને એ વિશેહું તેમને જણાવી રહી હતી. મારી આંખો ફાઈલ ઉપર હતી પણ તેમના તરફથી કોઈ જવાબ મળ્યો નહીં. પછી મેં કહ્યું, "તમે કેમ કંઈ કહેતા નથી ?" મેં તેમની તરફ જોયું તો તેમનું માથું નીચે નમેલું હતું. એની છાતી ઉપર હડપચી ચીબુક ગઈ હતી. આંખો બંધ હતી અને તેના શર્ટ ઉપર લાળ પડી રહી હતી. હું તેની પાસે દોડી ગઈ અને કહ્યું, "શું થઈ રહ્યું છે ?" તેઓ ગણગણ્યા, "મને ગૂંગણામણ થઈ રહી છે." હું નેબ્યુલાઈઝર લઈ આવી તેની જોડે ઈપ્રાવેન્ટ અને બેકલેટ કેપ્સ્યુલ હતાં. અને તે તેમને શ્વાસ લેવા માટે આપ્યું.

જ્યારે તે શ્વાસ લઈ રહ્યા હતા ત્યારે હું હોલમાં રાખેલા સ્વામીના ફોટો સામે દોડી ગઈ. તેના ફોટા ઉપર વિભૂતી પ્રગટેલી હતી. હું બૂમ પાડી ઉઠી, "સ્વામી, એમને સાજા કરી દો. હું એમનું દુઃખ સહન કરી શકતી નથી. એમનું દુઃખ મને આપો પરંતુ મહેરબાની કરીને એમને સાજા કરી દો !" આંખોમાં આંસુ સાથે થોડી વિભૂતી લીધી અને ફરી હું એમની પાસે દોડી ગઈ. આ થોડી સેકંડો દરમ્યાન મેં એમને ટટ્ટાર બેઠેલા જોયા, લાળ નીચે ટપકતી હતી તે બંધ થઈ ગઈ હતી. એમની આંખો ખુલ્લી અને સાવધ હતી. મેં એમને પૂછ્યું, તેઓ કેમ છે અને તેમણે કહ્યું, "સારું". મેં એમના ગાલ ઉપર વિભૂતી ઘસી. એપોલો હોસ્પિટલના મારા સાથીદાર ડોક્ટરને બોલાવ્યા. હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડૉ. સુબ્રમન્યને કહ્યું, "જો તેઓ અત્યારે સારા હોય તો હું એમને પાંચ વાગ્યે મારા ઘરે જતી વખતે લઈ જઈશ." સાંજે ૪ વાગ્યે તે સારા હતા. આશરે ત્રણ કલાક પછી તેઓ ચાલી અને બોલી શકતા હતા. ડૉ. સુબ્રમન્યને એમને તપાસ્યા અને કહ્યું એમને ટી.આઈ.એ. હતો અને તે પણ મગજનો સ્ટેમ. તમે નસીબદાર છો કે તેઓ સારા થઈ ગયા છે. ૨૦ દિવસ સ્વામીએ તેમને ઊંઘમાં ખૂબ આરામ આપ્યો અને કોઈપણ જાતના દુઃખ વગર તેઓ

સારા થઈ ગયા.

અને હવે મારી વાત કરૂં તો-મેં સ્વામીના પર્તિમાં છેલ્લાં દર્શન કર્યા. તે શનિવારની રાત્રિ હતી. હું જ્યાં બેઠી હતી ત્યાં ગોલ્ફ કોર્ટમાં સ્વામી બે વાર આવ્યા. થોડો સમય સ્વામી મંચ ઉપર બેઠા અને પછી બધાને શુભેચ્છા પાઠવીને જતા રહ્યા. હું સોમવારે સવારે ચેન્નઈ પાછી ફરી. મારી સખીએ મને ફોન કરીને કહ્યું કે સ્વામીને પર્તિ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સાંભળીને મને અત્યંત દુઃખ થયું પરંતુ આનંદ પણ એ વાતનો હતો કે મેં એમના દર્શન કર્યા. ૨૪મી એપ્રિલે સ્વામીએ નક્કી કર્યું કે તેઓ તેમની અવતાર લીલા સંકેલી લેશે અને તેમના અપ્રગટ સ્વરૂપમાં જશે. એમની મહાસમાધિ ટેલીકાસ્ટ કરવામાં આવી અને મેં ઘરમાં એકલીએ બેસીને તે જોઈ. જેવા સ્વામીના પાર્થિવદેહને નીચે ઉતારવામાં આવ્યો કે મને વર્ટીગોનો હુમલો થયો. હું રડી રહી હતી. અલબત્ત કશું બોલી શકી નહીં. હું અત્યંત દુઃખી હતી. હું અત્યંત હતાશ હતી. પરંતુ તે થયું.

પછી ચોક્કસ સમયગાળા બાદ વર્ટીગો ફરી ફરી આવવા લાગ્યો. એકવાર એવું બન્યું કે વર્ટીગોએ મને પથારીમાંથી ઊઠવા ન દીધી. મને ઊભા રહેવાની બાબતે પણ અશક્ત બનાવી દીધી. ઊલટીઓ શરૂ થઈ ગઈ અને મને એપોલો હોસ્પિટલમાં ડૉ. કલ્યાણ રમણની સારવાર હેઠળ દાખલ કરવામાં આવી. હુમલાઓ ખતરનાક અને ગભરાવનારા હતા. તેમણે નિદાન કર્યું કે એ ધમનીનો થ્રોમ્બોસીસ હતો. મને લાગ્યું કે તેઓ સાચા હતા. હવે મને યાદ રહેતું નહોતું. હું ચાલી શકતી નહોતી. કારણ કે માથામાં ફરી ચક્કર આવવાનો કારણે હું લથડીયા ખાતી હતી પરંતુ હું લાકડી લઈને ચાલી અને ઉભા રહેવા માટે આજુબાજુથી ટેકો લેવા લાગી.

એક મહિનાની પીડા બાદ, હું સ્વામીના ફોટોની સામે ઉભી રહી અને કહ્યું, "સ્વામી, મહેરબાની કરીને માથા પર થતા દબાણને અટકાવો. જો હું ચાલી ન શકું તો પણ વાંધો નથી. હું આસપાસ વ્હીલચેરમાં ફરીશ. પરંતુ માથામાં ફરી વળતા દબાણને અટકાવો." આ સાંજે ૩:૦૦ વાગ્યે થયું. બીજી સવારે હું જાગી. હું ઉભા થવા માટે ગભરાતી હતી. તે મારા માટે ઘણું બિહામણું હતું. છતાં હું ઉભી થઈ, હું સ્થિર હતી અને હું ચાલી. હું કોઈ મુશ્કેલીઓનો સામનો કરી રહી નહોતી. મને આશ્ચર્ય થયું અને છતાં હું ગભરાયેલી હતી. મારી ખુરશી પાસે ગઈ અને બેઠી, જેથી મને આત્મવિશ્વાસ આવે. હું હંમેશાં ખુશીના બંને હાથ આ મજબૂત પકડીને બેસતી જેથી મને ટેકો મળે અને આત્મવિશ્વાસ વધે.

હું ત્યાં બેસી રહી પરંતુ વર્ટિગો ન આવ્યો. હું ઠીક હતી. સ્વામીએ ચમત્કાર કર્યો. હું એકદમ સાજી થઈ ગઈ હતી. એક મહિના પછી હું મારી કાર ચલાવી શકતી હતી અને મારું કામ પણ શરૂ કર્યું હતું.

દૈવી શક્તિ અનંત છે. જો તમે પરમાત્માના નિકટતાથી આશીર્વાદ મેળવો છો, તો તમે પણ એક શક્તિનો ભાગ બની જાઓ છો. જેમ કે મહાન સમુદ્રમાં એક વરસાદનું ટીપું પડે તો તે તેની ઓળખ ગુમાવે છે પરંતુ તે મહાન શક્તિશાળી મહાસાગરનો એક ભાગ બની જાય છે.

---

**(ડૉ. પદ્મા શ્રીનિવાસન્, વ્યવસાયિક રીતે એક એનેસ્થેટીસ્ટ છે, અને એમણે ચેન્નઈની એપોલો હોસ્પિટલમાં કામ કર્યું છે.)**

# પ્રભુ પ્રત્યેની યાત્રા

કરુણામ્બા રામમૂર્તિ (કન્નમ્મા)

**પ્રભુ પ્રત્યે એક પગલું માંડો, તો તેઓ તમારી તરફ દસ પગલાં લેશે. દિવસ અને રાત્રિની, અશ્રુ અને સ્મિત, ખીણ અને રણ, સ્મારકશિલા અને ગર્ભની આ એક નિરંતર યાત્રા છે. --શ્રી સત્ય સાઈ બાબા.**

આ અવનિ ઉપર, સૌથી પવિત્રમાં પવિત્ર સ્થાનક પુટ્ટપર્તિ, સમગ્ર જગતને સતત બુલંદ ઘોષણા કરીને જણાવે છે કે તેની ધરતી ઉપર અદ્રશ્ય-અગોચર-ભગવાને અવતાર ધારણ કર્યો છે. તે ઘોષણાને વહેલાસર પ્રતિભાવ આપવા અમારાં જીવનમાં અમે કૃપાન્વિત થયાં હતા.

તિરૂમાલાના ઘરે પ્રથમ વખત દર્શન અને ઈન્ટરવ્યૂ બાદ, અમારામાં એક એવી તીવ્ર ઝંખના સ્વામીને પુન: જોવાની ઉદ્દભવી હતી જેનું અમે વર્ણન કરી શકીએ કે સમજી શકીએ તેમ નથી. પુટ્ટપર્તિની અમારી પ્રથમ યાત્રા ૧૯૪૬ના મે મહિનામાં સાકાર થઈ. તે સમયે પુટ્ટપર્તિ, બે ગલીઓ (શેરીઓ) અને થોડાં મકાનો-ઝૂંપડીઓનો સમાવેશ કરતું નાનકડું ગામડું હતું. તેની આસપાસ ટેકરીઓ હતી અને તેમાંથી રેતાળ વિસ્તારમાંથી ચિત્રાવતી સરિતા વહેતી હતી જે મોટાભાગના સમય દરમ્યાન સૂકી જોવા મળતી હતી. પાતળા પટ પર વહેતી નદીનો પ્રવાહ જ આ ગામ માટે પાણીનો સ્રોત હતો. આ નદીનો ઝરો ચોમાસા દરમ્યાન ઉભરાતો અને તે મંદિરના સીમાડા સુધી પહોંચી જતો. ત્યારે સ્વામી કહેતાં કે નદી ધસમસતી તેમનાં દર્શન કરવા આવી પહોંચી છે. તેઓ તેમનાં ચરણો નદીનાં પાણીમાં મૂકતાં અથવા હળદર-કંકુ પાણીમાં પધરાવતા અથવા તેમનો ઝભ્ભો પાણીમાં નાંખીને પલાળતાં એટલે નદી તુરંત પાછી જતી રહેતી !

તે દિવસો દરમ્યાન, માયસુરુથી પુટ્ટપર્તિની ૩૦૦ કિ.મી.ની યાત્રા કષ્ટદાયક અને કંટાળાજનક હતી. રાત્રે માયસુરુથી બેંગલુરુની ટ્રેનમાં બેસતાં, બેંગલુરુથી પેનુકોંડાની સવારે ટ્રેન પકડીને મુસાફરી કરતાં. ત્યાર પછી આ બે સ્થળો વચ્ચે એકમાત્ર બસ દોડતી હોવાથી ભારે ભીડ વચ્ચે બુક્કાપટનમ પહોંચવું પડતું. બુક્કાપટનમથી પુટ્ટપર્તિ પહોંચવા અમારે કાચા રસ્તા ઉપર પાંચ કિલોમિટર બળદગાડામાં જવું પડતું. એકબીજાનાં શરીરો ઘસાય-ઉઝરડાં પડી જાય, કપડાં પણ ફાટી જાય, ભોજન રાંધવા માટે લઈ જવાના જરૂરી વાસણોને ઘણીવાર નુકસાન પણ થતું-એવી કફોડી હાલતમાં વીસ કલાકની યાત્રા બાદ સાંજે પુટ્ટપર્તિ પહોંચતા. આટલું બધું સહન કરવા છતાં "સાઈ-ચાર્મ" વધતો જતો. અમે અવારનવાર આ યાત્રા કરતાં રહેતાં. યાત્રાની મુશ્કેલીઓ અને સમસ્યાઓ, સખત તાપ અને પુટ્ટપર્તિ ખાતેની પ્રાથમિક સવલતોનો અભાવ, અમે ત્યારે જ ભૂલી જતાં જ્યારે ચિત્રાવતી નદીની રેતી પરથી છેક મંદિર સુધી અમારો સત્કાર કરતાં સ્વામીનાં મુખારવિંદ ઉપર મનમોહક સ્મિત નીરખતાં !

બુક્કાપટનમ ખાતેના કાપડના વેપારીઓ અને સાઈના ચુસ્ત ભક્તો શ્રી ચાદલમ નારાયણ શેટ્ટી અને શ્રી વેંકટરામનપ્પા શેટ્ટી પુટ્ટપર્તિ જવા ભક્તોને માટે બળદગાડાઓની ગોઠવણ કરી આપવાની સેવા કરતા હતા. પેનુકોંડાથી બુક્કાપટનમ આવનારાં ભક્તોને તેઓ છાશ, જ્યુસ, જળ, વગેરે, પણ આપતાં. તે

દિવસોએ સ્વામી અમને કહેતા, "બુક્કાપટનમમાં મારું એક જ ભક્ત-કુટુંબ છે અને તે છે યાદલમ કુટુંબ."

૧૯૪૦ના શરૂઆતના દાયકા દરમ્યાન સ્વામી નજીકની ટેકરીઓમાં જઈને ત્યાંની ગુફાઓમાં રહેતાં. તે દિવસો દરમ્યાન, બેંગલોરના તમામ રહેવાસીઓ શ્રી તિરૂમલ રાવ, માધવરાવ અને કેશવરાવ-ભક્તો તરીકે સ્વામીના પંથમાં આવ્યા હતા. શ્રી કરનમ નારાયણ રાવની પત્નીઓ શ્રીમતી સુબમ્મા અને શ્રીમતી કમલમ્મા આ બધાં ભક્તોએ સાથે મળીને સ્વામીને પ્રાર્થના કરી હતી અને ભક્તોને ખાતર મંદિર નિર્માણ કરવા માટેની પરવાનગી માંગી હતી. ત્યાર બાદ, તે ઓલ્ડ મંદિર (જૂનું મંદિર)થી પ્રખ્યાત થયું અને આજે તે "પેદ્દા વેંકમ્મા રાજુ કલ્યાણ મંડપ" તરીકે ઓળખાય છે. સ્વામીના પ્રખર ભક્તો તિરૂમલ રાવ અને તેમની પત્ની શ્રીમતી પુષ્પમ્માના ઘરે સ્વામી બેંગલુરુની મુલાકાત દરમ્યાન રોકાણ કરતાં અને ભક્તોને દર્શન પણ આપતાં.

મંદિરના ઉદ્દઘાટનના થોડા દિવસો પૂર્વે, તિરૂમલ રાવને પેટમાં સખત દુખાવો ઉપડ્યો. પ્રખ્યાત સર્જન ડૉ. સુંદરવદનન્ ની સલાહ લેવા તેમને મદ્રાસ (ચેન્નાઈ) જવું પડ્યું. ઉદ્દઘાટકીય સમારંભમાં ઉપસ્થિત રહેવાની આ દંપતિની તીવ્ર ઇચ્છા હતી, પરંતુ ડૉક્ટરે તાત્કાલિક ઓપરેશન (શસ્ત્રક્રિયા) કરાવવાનું કહ્યું હતું. તે દિવસો દરમ્યાન ઓપરેશન્સ ઘણાં ઓછાં થતાં અને તેથી તેનો ડર પણ રહેતો. પોતાના પતિના અત્યંત કપરા ઓપરેશન માટે પુષ્પમ્માએ સંમતિ-પત્ર ઉપર હસ્તાક્ષર કરવાના હતા. સ્વામી પ્રત્યેની ભક્તિ અને ઊંડી આસ્થાએ તેમને ઓપરેશન સંબંધે બે વાર વિચાર કરતાં કરી દીધાં. તેમણે નિર્ણય કર્યો કે પીડા સહન કરી રહેલા પતિને ડૉક્ટરોને હવાલે કરવાને બદલે સ્વામીના દિવ્ય-હવાલે કરીને જે કંઈ પરિણામ આવે તેનો સામનો કરવો. તુરંત તેઓ તેમના પતિને મોટરકાર દ્વારા પુટ્ટપર્તિ લઈ આવ્યાં અને સ્વામીના શરણમાં મૂકી દીધાં. સ્વામીએ દિલાસો આપ્યો અને તેમની સાથે રહેવાનું કહ્યું.

મંદિરના ઉદ્દઘાટનને આગલે દિવસે કરનમ્ ના ઘરે હૉલમાં સ્વામી અને તિરૂમલ રાવ નિંદ્રાધીન થયા હતા. તે રાત્રિએ સ્વામીએ તિરૂમલ રાવની ઉપર તેમને ખબર નહીં પડે તે રીતે મોટું ઓપરેશન કરી દીધું. બીજે દિવસે તમામ ભક્તો એકદમ ચોંકી ઊઠ્યા. પુષ્પમ્માના આનંદનો પાર નહોતો. કરુણામૂર્તિ સાઈએ તિરૂમલ રાવની જીવનદોરી લંબાવી આપી. તત્ પશ્ચાત્ આ દંપતીએ ઉદ્દઘાટકીય સમારોહમાં સાનંદ ભાગ લીધો હતો. પરત ફરતી વખતે આ દંપતી ડૉ. સુંદરવદનન્ ને મળવા ગયેલું. તે ડૉક્ટરે તિરૂમલ રાવની તબીબી તપાસ કરી અને પૂછ્યું, "ઓપરેશન કર્યું કોણે?" દંપતીએ તમામ હકીકતોથી ડૉક્ટરને વાકેફ કર્યા. ઓપરેશન વિષેની વાતો સાંભળીને ડૉક્ટરે ઉદ્દગાર કાઢ્યા, " તેઓ(સ્વામી) તમામ ડૉક્ટરોના ડૉક્ટર છે !" અને ભગવાનને વંદન કરવા બે હાથ જોડ્યાં.

ગામના પ્રવેશદ્વારે સ્થાપિત નાનું મંદિર પ્યારા સ્વામીની આવી અનેક દિવ્ય લીલાઓનું સાક્ષી રહ્યું છે. (મુખ્ય) મંદિરની બંને બાજુએ મંદિરો જોવા મળે છે. તેની ડાબી બાજુએ પથ્થરની ચાર દીવાલો અને પથ્થરની છતવાળું સત્યમ્મા(સત્યભામા)નું મંદિર હતું. જમણી બાજુએ વેણુગોપાલ, રામ અને આંજનેય એમ ત્રણ મંદિરો હતા. પૂજારી સવારે આવીને પૂજા કરી જતા. મંદિરો ઘણાં જૂનાં અને જીર્ણ હાલતમાં હતાં, આવી દયનીય સ્થિતિની અમે સ્વામીને વાત કરતાં ત્યારે સ્વામી ખાતરી આપતાં કે

ભવિષ્યમાં આવનારા તેમના ભક્તો તેનો જીર્ણોદ્ધાર કરશે.

મંદિર ખરેખર નાનું હતું જેની આગળના ભાગે વરંડા અને બે રૂમ્સ હતા તથા પાછળ વાડા સાથે બે રૂમ્સ હતા. મધ્યમાં એક હૉલ હતો જેને એક છેડે મંચ ઉપર શિવ, પાર્વતી, સુબ્રમણ્ય, ગણેશ, રામ, કૃષ્ણ, શિરડી સાઈબાબા અને હનુમાન તથા આપણા સ્વામીની મૂર્તિઓ બિરાજમાન હતી. જમીન ઉપર ગણેશની મૂર્તિ હતી જેની સામે ચોરસ લાલ પથ્થર ઉપર સંસ્કૃત ચિહ્ન 'ઓઉમ્' કંડારેલો હતો. સ્વામી ત્યાં બેસતાં અને ભક્તો સાથે ભજનો ગાતા. મોડી સાંજે વરંડામાં સ્વામી એક 'કોટ' ઉપર ભક્તો વચ્ચે બેસતાં અને વાતચીત કરતાં. કેટલીક વખત તેઓ મંદિરની સામે જમીન ઉપર બેસીને પણ ભક્તો સાથે વાર્તાલાપ કરતાં. વરંડાને છેડે સ્વામીનો બાથરૂમ હતો. તેની બાજુમાં ઉભરણી અને ગરગડી વિનાનો એક કૂવો હતો. લોકોએ કૂવાની ઉપર વાંકા વળીને પાણી ખેંચવું પડતું હતું. આ વરંડામાં સ્વામી અને પુરુષ-ભક્તો નિંદર માણતાં હોવાથી જમીનને સૂકી રાખવી પડતી હતી. એટલે આ કૂવામાંથી ભક્તો ભાગ્યે જ પાણી બહાર ખેંચતા. તેઓને નહાવા, કપડાં અને વાસણો ધોવા ૨૦૦ મિટર દૂર આવેલી નહેર પર જવું પડતું. પુટ્ટપર્તિની અતિશય ગરમીથી બચવા 'હાથ-પંખા' જ એક ઉપાય હતો કેમ કે ત્યારે ત્યાં વીજળી હતી જ નહીં. તમામ સમસ્યાઓમાં ત્યાં સ્વામી સહભાગી થયા હતા.

તે દિવસો દરમ્યાન, હાલમાં આપણે પરિચિત છીએ તેવા ઓમકાર, નગર સંકીર્તન વગેરે, જેવા નિયમિત કાર્યક્રમો નહોતાં. અમારે માટે તો સ્વામી જ સર્વસ્વ હતા. સવારે ત્રણ વાગ્યે ખેતરે જતાં ખેડૂતોના લોકગીતો સાંભળવા મળતાં. અમારે માટે આ જ ઓમકાર હતો. લગભગ સવારના પાંચ વાગ્યે 'અમ્માઓ, દૂધ, દહીં, ફૂલો લો' એવી બૂમો પાડતાં ગ્રામ્ય જનો આવતાં હતાં. આ જ અમારું સુપ્રભાતમ્ હતું. અમારામાંના એકપણ જણ આનાથી મોડાં ઊઠતાં નહોતાં કેમ કે પો ફાટે તે પહેલાં જ અમારે સવારની દૈનિક ચર્યાઓ પૂરી કરી દેવી પડતી હતી.

સ્વામી મળસ્કે ઉઠી જતાં, મોં ધોઈને ભક્તો દ્વારા અપાતી કોફીનું પાન કરતાં અને બધાંની વચ્ચે વાતચીત કરતાં મસ્તીમાં ફરતાં રહેતાં. સ્નાનાદિ બાદ સવારે નવ વાગ્યે ભક્તોએ જાતે બનાવેલો નાસ્તો તેમને અર્પણ કરતાં. દરેકના નાસ્તામાંથી જરાક સ્વાદ ચાખીને વિનોદ કરતાં કરતાં પ્રસાદ તરીકે તે બધાંને વહેંચતાં. ત્યાર બાદ, થોડોક સમય તેઓ ગામના એકાઉન્ટન્ટને ઘરે ગાળતાં. નાસ્તા પછી કોઈ પણ વ્યક્તિ સ્વામીની પાદ-પૂજા કરી શકતી હતી. મંદિરમાં એક નેતરની ખુરસી હતી જેને હોલમાં મૂકવામાં આવી હતી. સ્વામી તે ખુરશી ઉપર બિરાજમાન થતાં. સ્વામીનાં ચરણોને એક થાળીમાં મૂકવાની વિનંતી કરતાં અને અમે અત્તરયુક્ત જળથી ચરણોનું પ્રક્ષાલન કરીને ટુવાલથી સ્વચ્છ કરતાં અને હળદર-કુમકુમ ચઢાવતાં. પછી સ્વામીને પુષ્પહાર પહેરાવીને નૈવેદ્ય ધરાવતાં-તેમાંથી સ્વામી જરાક જ નૈવેદ્ય ગ્રહણ કરતાં સ્વામીની આરતી ઉતારીને બધાં પાદનમસ્કાર કરતાં, પાદપૂજા કરતી વખતે સ્વામી અમને યંત્રવત્ વિધિ આટોપવાને બદલે ભક્તિભાવથી ગાવાનું કહેતા. (....વધુ આવતા અંકે..)

**( કરુણામ્બા રામમૂર્તિ (કન્નમ્મા ) લિખિત 'શ્રી સત્ય સાઈ આનંદદાયી' પુસ્તકમાંથી).**

ભગવાનનો સંક્રાંતિ સંદેશ

# સંક્રાંતિ માણસને દિવ્ય માર્ગ બતાવે છે

## આધ્યાત્મિક પ્રયત્નો દ્વારા અહંકારને દૂર કરો

હિંદુ કેલેન્ડરની રચના કરનાર ઋષિઓએ માનસિક સહનશીલતા અને ભાવાત્મક શુદ્ધતા વધારવા માટે તહેવારોની વ્યવસ્થા કરી છે. મકરસંક્રાંતિના રજો સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે, તે દિવસને માણસ દૈવી તત્વને પામવા માટેના ઉચ્ચ હેતુ માટે તેની પ્રવૃત્તિઓને સમર્પિત કરે છે. ઉત્તરાયણ (ઉત્તર દિશાનો માર્ગ) નો જે ઉમદા માર્ગ છે તેને સૂર્ય અનુસરે છે. આ દિવસે ધનુર્માસ પૂરો થાય છે અને મકરનો પ્રારંભ થાય છે. 'ધનુ' એટલે માત્ર 'ધનુષ' જ નહીં પણ 'શેરડી' કે જે પ્રેમની દેવીનું ધનુષ્ય છે.

ઉપજ હવે ઘરમાં  આવી ગઈ છે અને દરેક પરિવારે સંગ્રહિત કરેલી ભગવાની ભેટને રાંધી છે. બાળકો મીઠી મધુર શેરડી ચાવી રહ્યાં છે અને આનંદમાં દોડાદોડ કરી રહ્યા છે. માણસના સાથી, સહાયક અને ગુલામ તરીકે જે પશુઓ ખેતરોમાં મજૂરી કરતાં હતાં, તેઓ હવે છાંયડામાં બેઠા છે અને ધુંસરીમાંથી મુક્ત થયાનો આનંદ માણી રહ્યાં છે. પૃથ્વીએ પણ પીળા ફૂલોની સાડી પહેરી છે અને લીલા પાંદડાની નીચે લટકતા લાલ મરચા જેવી પથારી છે. કુદરત પણ ખુશ છે. કે માણસ અને તમામ જીવો હવે તેમના આશીર્વાદ પર કૃતજ્ઞતા અને સઘન ચિંતન દ્વારા ભગવાન તરફ વળી શકે છે. હવેથી છ મહિના સુધી તે દેવ-યાન છે-તીર્થયાત્રાની મોસમ છે. તે ઉત્તમયાન (ઉત્તમ માર્ગ) છે.

**સંક્રાંતિનો સંદેશ.**

ભગવદ્ગીતામાં કહ્યું છે કે જે વ્યક્તિ આ વર્ષના આ અડધા ભાગમાં મૃત્યુ પામે છે તે શાંતિ અને ઉત્કર્ષને પામે છે. અને તેથી તે આધ્યાત્મિક સિદ્ધિઓના સ્તરે વધે છે. કુરુક્ષેત્રના મેદાનમાં નશ્વર બાણોથી ઘાયલ થયેલા ભીષ્મપિતામહ પણ આ દિવસની રાહ જોતા હતાં જે વર્ષના પવિત્ર ભાગમાં આવે છે. જેથી તેઓ તેમનો શ્વાસ છોડીને પરમાત્મામાં વિલીન થઈ શકે.

આ એક સમર્પણનો દિવસ છે. આ માર્ગને બદલવાનો કે વિસર્જનનો દિવસ નથી. આ દિવસને નિમ્ન વૃત્તિઓ જેવી કે જુગાર, મિજબાની કે અન્ય વૃત્તિઓ પાછળ સમયને વેડફી નાંખવો એ ખોટું છે. આ રજાનો દિવસ (holiday) નથી પરંતુ પવિત્ર દિવસ (holi day) છે. આરોગ્યપ્રદ વિચારો અને કાર્યોથી સંપૂર્ણ બનો-આ જ પવિત્ર દિવસનો સંદેશ છે. ભમરડાની જેમ ગોળ ગોળ ફરવું, પરંતુ તમે બહુ બધું વખત ફરી શકશો નહિ અને પછી લાચાર અને નિષ્ક્રીય થઈને પડ્યા રહેવું એ ભયાનક અને વિનાશક અસ્તિત્વ છે. ભમરડામાં પોતાનામાં કોઈ શક્તિ હોતી નથી. એને દોરી વડે ફેરવવો પડે છે. તો પોતાનામાં આત્મવિશ્વાસ રાખો એટલે જ કહેવાયું છ કે તમારા પોતાનામાં વિશ્વાસ રાખો, અને તે જ સ્વયં દિવ્યતા છે. તેનામાં તમામ શક્તિ છે. આત્માની તમામ મીઠાશ (મધુરતા) છે. જે પરમાત્મા (પરમ વાસ્તવિકતા) ના મહાસાગરનું એક મોજુ છે.

સુખ અને શાંતિને સુનિશ્ચિત કરવા માટે આયોજન કરી આયોજકો પંચવર્ષિય યોજનાઓ બનાવે છે અને પછી પુલ, બંધ(ડેમ), ફેકટરીઓ અને શાળાઓ બાંધે છે. પરંતુ ભાવનાની શુદ્ધિ વગર, અનાશક્તિને મજબૂત કર્યા વગર, કરૂણા અને સંબંધની વૃદ્ધિ કર્યા વગર જ આ બધું થાય

છે. આર્થિક પ્રગતિ-માત્ર નફરત, જુથવાદ અને ઈર્ષ્યાને જ પ્રોત્સાહન આપે છે. આત્મ વિશ્વાસ, આત્મસંયમ અને આત્મજ્ઞાન જ માણસને શાંતિ અને આનંદ તરફ દોરી શકે છે. ન શ્રેયો નિયમમ્ વિના. (શિસ્ત વિના કોઈ સુખ ન હોઈ શકે). અનુશાસન વિના કોઈ પ્રગતિ નથી. આજ આપણને ઋષિમુનિઓ શીખવે છે. આ પવિત્ર દિવસોમાં મનુષ્યએ આગળ-પાછળ જોવું પડશે અને યોગ્ય નિશાન સાથે તેનાં માર્ગની દિશા નક્કી કરવી પડશે.

**મન એ ઈચ્છાઓ અને શંકાઓનું પોટલું છે.**

સર્જક, રચયિતા, પોષક અને વિઘટનકર્તામાં વિશ્વાસ કરવો એ પૃથ્વીપરના યાત્રાળુ માટેનું જરૂરી સાધન છે. પાપનો ડર અને ભગવાન પ્રત્યેનો પ્રેમ આ બે વસ્તુ માણસને શાંતિ અને આનંદ આપે છે. તેને દુ:ખથી બચાવે છે અને આનંદ (સુખ) આપે છે. ગાઢ ઊંઘમાં વ્યક્તિને સમય, જગ્યા કે ઘટનાનું ભાન હોતું નથી. માત્ર 'હું' જ જાગૃત રહે છે. 'હું' એટલે સત-ચિત-આનંદ છે તે પરંતુ ગાઢ ઊંઘ દરમ્યાન 'હું' (વ્યક્તિ) આનંદથી વાકેફ નથી હોતો, પોતાના વિશે પણ તે જાગૃત નથી. જાગ્યા પછી જ વ્યક્તિ જાહેર કરે છે કે મને ખૂબ જ સારી ઊંઘ આવી હતી. સ્વપ્નની અવસ્થા દરમ્યાન, મન સક્રિય હોય છે. જોકે બુદ્ધિ અને અન્ય ઈન્દ્રિયો નિષ્ક્રિય હોય છે. સ્વપ્નમાં થોડીક જ સેકંડોમાં બંગલો બને છે અને તમે તેનો કબજો પણ લઈ લો છો અને તેમાં આનંદથી પણ રહો છો-જ્યાં સુધી સ્વપ્નમાં ધરતીકંપ આવીને તેને તોડી ન નાંખે અને એની સાથે જ તમે વાસ્તવિક જીવનમાં પાછા આવી જાવ છો. આ આખી જ વાત કે જે બાંધકામ, પ્રાપ્તિ અને વિનાશની છે તે આપણી માનસિક વિકૃતિનું પ્રતિબિંબ જ હતું. આ એક અહંકારનું જ સ્થાન છે. અને અહંકાર ઊંઘ દરમ્યાન જ્યારે આપણી બુદ્ધિ અને ઈન્દ્રિયો અસ્થાયીરૂપે કાર્ય કરતા નથી ત્યારે માનસિક રીતે બધાજ પ્રકારની ટીખળો કરે છે. મન એ સંકલ્પો અને ખચકાટ, ઈચ્છાઓ અને શંકાઓનું પોટલું છે. આમ જ્યારે અહંકારના આધારને આધ્યાત્મિક પ્રયત્નો દ્વારા દૂર કરવામાં આવે છે, તેનો નાશ કરવામાં આવે છે ત્યારે આપણા નામ અને સ્વરૂપનું નાટક શુન્ય બની જાય છે.

સૂર્ય પાણીને વરાળ તરીકે ખેંચે છે, અને પછી તેને વાદળ, વરસાદના નામે આપે છે. અને પછી તે ઝરણું, નદી, પૂર તરીકે ઓળખાય છે પરંતુ જ્યારે તે ફરી બધા જ સમુહમાં ભળી જાય છે ત્યારે તમામ નામ ગુમાવી દે છે. સમય, અવકાશ અને કાર્યકારણને લીધે બધું જ નાશ પામે છે. તમારા દરેકમાં એક સત્ય છે જેના પર અવાસ્તવિકતાના ધુમ્મસનું વાદળ બનેલું છે અને આ સત્યને પોતાના દ્વારા પોતાના માટે શોધવાનું છે.

જમીનમાં પડેલા બીજ અંકુર પામે છે અને તેની વૃદ્ધિ થાય છે. તેમાં શાખાઓ અને પાંદડાઓ ફુટે છે અને પછી ફુલોથી શણગાર પામે છે. અને તે ફુલો મધમાખીને આકર્ષે છે અને પછી તેના પર એવા મીઠાશથી ભરપૂર ફળો આવે છે અને તેની પ્રાપ્તિ જે વૃક્ષની સેવા કરે છે તેને થાય છે. તે ફળની અંદર સમાવિષ્ટ બીજને તે ફરી દૂર સુધી લઈ જઈ ફરી જમીનમાં નાંખે છે. જેથી તે ફરીને અંકુરિત થઈ શકે. બીજ એ જડ નથી. તે સભાન, જીવંત અને સક્રિય છે. સમગ્ર બ્રહ્માંડ દિવ્યતાથી ભરેલું છે. જે સત્, ચિત, આનંદ છે.

**- ૧૪ મી જાન્યુઆરી ૧૯૭૧ ના રોજ પ્રશાંતિ નિલયમ ખાતેભગવાનના સંક્રાંતિ પ્રવચનમાંથી.**

## દિવ્યતાના પ્રતિકો

# પ્રશાંતિ નિલયમ્

જ્યાં સંતો, મુનિઓ, ઋષિઓ, પયગમ્બરો અને અવતારો જન્મ લે છે અને રહે છે તે સ્થળો તેમના ત્યાંના વાસ્તવ્યને કારણે પવિત્ર બની જાય છે, જેની લોકો પેઢી દરપેઢી મુલાકાત લે છે અને આધ્યાત્મિક પૂણ્ય પ્રાપ્ત કરવા માટે પૂજા કરે છે. આપણે જાણીએ છીએ કે આ સ્થળો આ રીતે રામ, કૃષ્ણ, ઈશુ ખ્રિસ્ત, મોહમ્મદ પયગમ્બર, ભગવાન બુદ્ધ, શિરડી-સાઈબાબા અને બીજા સંતો અને ઋષિઓના સંસર્ગથી હવે તીર્થધામો કે યાત્રાધામો બની ગયા છે, જેને લોકો પવિત્રસ્થાન તરીકે પૂજે છે અને જેની સમગ્ર દુનિયામાંથી લાખો લોકો મુલાકાત લે છે.

વર્તમાન સમયમાં પૃથ્વી પર રહેલા પવિત્ર સ્થળોમાં સૌથી વધારે પવિત્ર સ્થળ પુટ્ટપર્તિ છે. જ્યાં કલિયુગના અવતાર ભગવાન શ્રી સત્ય સાઈ બાબાનો જન્મ થયો હતો અને પંચાસી (૮૫) વર્ષ રહ્યાં. આંધ્રપ્રદેશના અંતર્યાળ વિસ્તારમાં આવેલ પુટ્ટપર્તિ એક નાનકડુ એવું ગામ વિશ્વમાં ખૂબ પ્રખ્યાત બની ગયું છે, જ્યાં કરોડો લોકો ભગવાન બાબાના આશીર્વાદ ઝંખતા દુનિયાના બધા ભાગોમાંથી આવતા. ભગવાને તેમના જન્મ સ્થળ પુટ્ટપર્તિને ૧૯૪૦ થી નિવાસ સ્થાન બનાવ્યું છે. જ્યારે ઉરવકોન્ડા તરીકે ઓળખાતા સ્થળની એક શાળામાં વિદ્યાર્થી તરીકે હતા ત્યારે પોતાના કુટુમ્બનું બંધન તોડતા તેમણે ૨૦મી ઓક્ટોબર, ૧૯૪૦ ના રોજ જાહેર કર્યું કે "હું હવે તમારો સત્યા રહ્યો નથી, મારા ભક્તો મને બોલાવી રહ્યાં છે. મારી પાસે મારૂ કાર્ય છે". તેમણે તેમના મોટા ભાઈનું મકાન જે ઉરવકોન્ડામાં હતુ, તેનો ત્યાગ કર્યો અને નજીકના એક બાગમાં બેસી ગયા. જ્યાં તેમણે તેમનું પ્રથમ ભજન ''માનસ ભજનરે ગુરૂ ચરણમ્, દુસ્તર ભવ સાગર તરણમ્" ગાયું. જ્યારે વિચલિત માતા-પિતાએ સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ જ્યાં હતાં ત્યાં દોડી ગયા અને માતા ઇશ્વરમ્માએ-તેમની સાથે પુટ્ટપર્તિ પાછા ફરવા વિનંતી કરી. પોતાની માતાની વિનંતી તેમણે સ્વીકારી અને કહ્યું, "મેં પુટ્ટપર્તિને મારા ક્ષેત્ર તરીકે પસંદ કર્યું છે. આ વરદાન માત્ર તમને જ નહીં પણ ગામ આખાને, દુનિયાભરને અપાયું છે. હું આ સ્થળ (ઉરવકોંડા) છોડીને ગુરુવારે ત્યાં (પુટ્ટપર્તિ) આવીશ."

પુટ્ટપર્તિ આવ્યા પછી, સ્વામી સુબ્બમ્માના વિશાળ મકાનમાં રોકાયા, જે ગામના કર્ણમના પત્ની હતા, જેમણે સ્વામીની અને ઘણા બધા મુલાકાતીઓ જેઓ સ્વામીને દરરોજ ભક્તિભાવથી મળવા/દર્શને આવતા હતા તેમની સેવા કરી. જ્યારે ભક્તોની સંખ્યા વધી ગઈ, ત્યારે સુબ્બમ્માએ આશ્રમના નિર્માણ માટે વેણુગોપાલ સ્વામી મંદિરની બાજુમાં ૩૩% જમીન દાનમાં આપી, જે ૨૦ મી જુલાઈ ૧૯૪૫ના રોજ સ્વામીના નામે નોંધાયેલ હતી. સ્વામીએ ૩૦ મી ઓગસ્ટ ૧૯૪૫ ના રોજ પાથ મંદિર (જૂનું મંદિર) તરીકે ઓળખાતા આશ્રમનો શિલાન્યાસ કર્યો. જૂના મંદિરનું ઉદ્ઘાટન ૧૪ મી ડિસેમ્બર ૧૯૪૫ ના રોજ સ્વામી દ્વારા કરવામાં આવ્યું. સદ્દભાગી ભક્તો જેઓ જુના મંદિર આવતા, તેમને સ્વામીના સાન્નિધ્યની કૃપા પ્રાપ્ત થઈ, અને અસંખ્ય લીલાઓના તેઓ સાક્ષી બન્યા. તદ્દઉપરાંત સ્વામીની પુષ્કળ કૃપા તેમજ આશીર્વાદ મેળવ્યા.

જ્યારે પાથ મંદિરમાં સ્વામી રોકાયેલા ત્યારે

પુટ્ટપર્તિ ગામની દક્ષિણ દિશાએ આવેલી એક નાનકડી ટેકરી તરફ એક ધ્યાનથી જોતા રહેતા. ૧૯૪૪ માં એક દિવસ સ્વામીએ લક્ષ્મૈયા નામના ભક્ત સાથે પોતાના અવતારી કાર્ય અંગે ચર્ચા કરતા કરતા તે ટેકરી તરફ અંગુલી નિર્દેશ કરીને તેને કહ્યું, "સાઈ પ્રવેશ (સાઈનું આગમન) પેલા પ્રદેશનું રૂપાંતર પ્રશાંત પ્રદેશ (પરમ શાંતિના પ્રદેશમાં) માં પરિવર્તિત કરશે. ત્યાં એક ભવન (હવેલી) ઉભું થશે; જ્યાં સમગ્ર ભારતમાંથી લાખો લોકો, માત્ર ભારત જ શા માટે, સમગ્ર વિશ્વમાંથી લોકો આવશે અને ત્યાં સાઈના દર્શનની પ્રતિક્ષા કરશે."

સ્વામીની દિવ્ય કીર્તિ ઘણી જગ્યાએ ફેલાઈ ગઈ અને ભક્તોની સંખ્યા વધતીજ ગઈ. પરિણામે નાનકડો આશ્રમ ભક્તોની વિશાળ સંખ્યા સમાવવા માટે અપૂરતો થઈ પડ્યો. ભક્તોની અગવડતાઓ જોઈ સુબ્બમ્માએ જમીનનો બીજો એક ટુકડો સ્વામીને અર્પણ કર્યો. તેના પર વિશાળ શેડ કરાયો. તે દિવસોમાં સવારમાં ભજન યોજાતા. સાંજે સ્વામી ભક્તોને ચિત્રાવતી નદી તરફ લઈ જતા અને નદીની રેતી પર અસંખ્ય લીલાઓ કરતા.

સમયનું ચક્ર ઝડપથી ફરવા લાગ્યું. હવે જુનામંદિરમાં ભક્તોની હંમેશા વધતી જતી સંખ્યાને કારણે તે અપૂરતુ બની ગયું. આ જોઈને સાકમ્મા, સ્વામીના એક પ્રખર ભક્ત અને કર્ણાટકના કુર્ગના કોફીના એક ઉદ્યોગપતિએ ગામના દક્ષિણ ભાગે આવેલી એક ટેકરી નજીક એક એકર દીઠ ૫૦૦૦ ના ભાવે ૩.૮૬ એકરના માપનો જમીનનો પ્લોટ ખરીદી ૨૪ મી જુલાઈ ૧૯૪૭ ના રોજ સ્વામીના નામે રજીસ્ટર કરાવ્યો. ત્યારબાદ, તેણીએ આ જમીનના ટુકડા પર એક નવો અને આરામદાયક આશ્રમ બનાવવા માટે સ્વામીને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું.

જે રીતે સ્વામીએ ૧૯૪૪ માં ભવિષ્યવાણી કરી હતી તે પ્રમાણે એક સાંજે ચિત્રવતી નદીની રેતી પર ભક્તોના એક સમૂહ સાથે આનંદપૂર્વક વાતો કરતાં કરતાં અચાનક જ પોતાની આંગળી વડે ચિત્રકામ કરી ત્યાં હાજર ભક્તોને બતાવ્યું. આ કાંઈ માત્ર રેતી પરની લીટીઓ નહોતી પરંતુ પ્રશાંતિનિલયમમાં નવા મંદિરના ભવિષ્યમાં થનાર બાંધકામની બ્લૂ પ્રિન્ટ (રેખાંકિત નકશો) હતી.

૧૪ મી જાન્યુઆરી, ૧૯૪૮ ના દિવસે નવા મંદિરનું ભૂમિપૂજન થયું અને એક પ્રસિદ્ધ બાંધકામ કરનારા શ્રી તિરુમલ આયંગરની દેખરેખ હેઠળ બાંધકામનું કામ શરૂ કરવામાં આવ્યું. નવા આશ્રમના બાંધકામની દેખરેખ સ્વામી પોતે પણ કરતા. ૭,૫૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ૨૨૦ x ૧૫૦ ફૂટની બે માળની ઇમારતના નિર્માણ માટે કામ ઝડપી ગતિએ આગળ વધ્યું. બાંધકામની પ્રક્રિયામાં અનેક અવરોધો આવવા છતાં, નવા મંદિરનું પવિત્રિકરણ અને ઉદ્ઘાટન ૨૩મી નવેમ્બર ૧૯૫૦ ના રોજ સ્વામીના ૨૫ મા જન્મદિવસે સ્વામી દ્વારા કરવામાં આવ્યું. બિલ્ડિંગના ઉદ્ઘાટનના શુભ પ્રસંગે, સ્વામીએ જાહેર કર્યું: “હું આ નવીન હવેલીનું નામ પ્રશાંતિનિલયમ રાખું છું. પ્રશાંતિ એટલે પરમ શાંતિ, નિલયમ એટલે નિવાસ સ્થળ. જો તમારામાં કોઈ ખરાબ વિચારો ન હોય, તો આ સ્થાન એક નિર્દોષ બાળકનું હૃદય તમને પ્રદાન કરશે... જેઓ અહીં પ્રશાંતિ નિલયમમાં રહેશે અને ધ્યાન, ભજન અને અન્ય આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરશે તેઓનો કોઈ પુનઃજન્મ નહીં થાય.

આ રીતે પ્રશાંતિ નિલયમ એ ભગવાનનું દૈવી નિવાસસ્થાન બન્યું જ્યાં વિશ્વભરમાંથી લાખો ભક્તો ઉમટી પડ્યા અને અવતારના દૈવી

પ્રેમ અને કૃપાનું વરદાન મેળવ્યું અને તેમના દર્શન, સ્પર્શ અને સંભાષણના આનંદનો અનુભવ કર્યો.

૧૯૬૬ માં આંધ્રપ્રદેશ સરકાર દ્વારા પ્રશાન્તિ નિલયમને નાનું નગર (સ્વતંત્ર ટાઉનશિપ)નો દરજ્જો આપવામાં આવ્યો હતો. જ્યારે શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓના રહેઠાણ માટે હજારો એપાર્ટમેન્ટ્સ બનાવવામાં આવ્યા ત્યારે તેમાં ખૂબ જ વિસ્તરણ જોવા મળ્યું હતું. મંદિર સંકુલમાં ૧૯૭૨ માં એક વિશાળ એવા પૂર્ણચંદ્ર ઓડિટોરિયમ અને ૧૯૯૫માં એક વિશાળ સાઈ કુલવંત હૉલનો ઉમેરો થયો, જ્યાં સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો, સભાઓ અને વિશિષ્ટ પ્રસંગો યોજાતા અને આતુર ભક્તો આખા વર્ષ દરમિયાન ભગવાનના અમૃત પ્રવચનથી ધન્ય થતાં.

ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના સંકલ્પ (દૈવી ઇચ્છા) દ્વારા પુટ્ટપર્તિનું નાનકડું ગામ હવે વિશ્વનું એક મહત્વનું તીર્થ કેન્દ્ર બની ચૂક્યુ છે, જેમાં યુનિવર્સિટી, હોસ્પિટલો, શાળાઓ, કોલેજો, સ્પોર્ટ્સ સ્ટેડિયમ્, એક રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ આવેલા છે. સમગ્ર વર્ષ દરમિયાન આ પવિત્ર સ્થાન પર આવતા લાખો/કરોડો ભક્તો માટે ખરેખર આ પૃથ્વી પરનું વૈકુંઠ છે, અને કલિયુગના અવતાર, ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની દિવ્ય હુંફમાં બેસીને શાંતિ અને આનંદનો તેઓ અનુભવ કરે છે.

## નામ અને કામ

**એક સમયે નારદે ભગવાન વિષ્ણુ સમક્ષ અહંકાર કરતાં જણાવ્યું કે 'મારાથી ચડિયાતો કોઇ ભક્ત નથી.' પણ ભક્તનો પ્રથમ ગુણ એ છે કે તે નિરહંકારી હોવો જોઈએ. નારદનો અહંકાર આની વિરુધ્ધ હતો. આથી ભગવાન વિષ્ણુને જણાવ્યું કે, 'એક નાનું ખેતર ખેડતો ખેડૂત, તમારા કરતાં વધારે મોટો છે. તમે તેની પાસે જાવ અને તેની પાસેથી ભક્તિની કળા શીખી આવો.' નારદને અપમાન લાગ્યું. ભારે શોક સાથે તેઓ ભગવાન વિષ્ણુએ દર્શાવેલ ગામડામાં ગયા. એમણે જોયું તો ખેડૂત ખેતરમાં, ઢોરોની છાપરીમાં તથા ઘરમાં પોતાની ફરજ બજાવ્યા કરતો હતો. તે માંડ માંડ ત્રણ વખત ભગવાનનું નામ દેતો હતો. એકવાર સવારમાં ઉઠતી વખતે, બીજી વાર બપોરે ભોજન લેતી વખતે અને ત્રીજી વાર રાત્રે સૂતી વખતે, પોતાને આવા સામાન્ય ભક્ત કરતાં પણ નીચી કક્ષાનો ગણ્યો એથી કુદરતી રીતે જ નારદને ગુસ્સો આવ્યો. નારદ હંમેશા મધુર અવાજે ભગવાનની લીલા ગાતા હતા અને નામસંકીર્તન સંદેશો પ્રત્યેક સ્થળે ફેલાવતા હતા. જ્યારે આ રોંચા જેવો ખેડૂત ભગવાનને દિવસમાં માત્ર ત્રણ જ વાર યાદ કરતો હતો અને ભગવાન વિષ્ણુ પણ એને નારદ કરતા ઊંચો ગણતા હતા. આથી ગુસ્સા સાથે નારદ વૈકુંઠમાં ગયા પણ ભગવાન વિષ્ણુ તો એમની હાલત જોઇ હસવા લાગ્યા. એમણે નારદને પાણીથી પૂરેપૂરો ભરેલો ઘડો આપ્યો અને જણાવ્યું કે : 'આને મસ્તક પર મૂકી એક ટીપું પણ પાડ્યા સિવાય અમુક રસ્તે જાય.'**

**નારદે આ પ્રમાણે કર્યું. ભગવાન વિષ્ણુએ પૂછ્યુંઃ 'તમે મારૂં નામ કેટલીવાર યાદ કર્યું હતું ?'**

**નારદે કબૂલ કર્યું કે : 'ઘડો હાલે નહીં અને પાણીનું ટીપું પણ પડે નહીં એવી રીતે ચાલવાની ચિન્તામાં ને ચિન્તામાં હું તો આપનું નામ જ લેવાનું ભૂલી ગયો હતો.' પછી ભગવાન વિષ્ણુએ એમને જણાવ્યું કે 'ખેડૂત પોતાના મસ્તક ઉપર વધુ કીંમતી અને ઢોળાય એવી જવાબદારીઓ ઉપાડતો હતો અને કોઇને ઈજા ન થાય એનું એણે ધ્યાન રાખવાનું હતું. એ દિવસમાં ત્રણવાર ભગવાનનું નામ દે તે માટે તો એની પ્રશંસા જ કરવી જોઇએ.'**

**- બાબા**



Publication Date : 20/01/2022
# સનાતન સારથિ
Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

Place of Posting - Vadodara (H.O.)



યાદ રાખો, હૃદયમાં જ્યારે પ્રેમ (દિવ્ય નિઃસ્વાર્થ પ્રેમ) સ્થાપવામાં આવે છે ત્યારે અસૂયા, ધિક્કાર કે અસત્યને માટે ત્યાં કોઈ જગ્યા રહેતી નથી. પ્રેમમાં જીવો, પ્રેમથી જીવો, પ્રેમથી કરો, પ્રેમથી બોલો, પ્રેમથી વિચારો અને પ્રેમથી વર્તો. આ જ શ્રેષ્ઠ અને ખૂબજ ઉપયોગી સાધના છે. તમે જો બીજાને પ્રેમ આપતા ન હો, તો તેમની પાસેથી પ્રેમની અપેક્ષા ન રાખો. આ એક માર્ગીય પ્રવાસ નથી. તમારા હૃદયમાં બધાને માટે પ્રેમ ઉભરવો જોઈએ અને તમારે તમારી વાણીને મીઠી-મધુર કરવી જોઈએ.

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોરીસ
"સાઈ આશિષ" સી-૫, કોમેલ્ડમ્ સોસાયટી,
સાઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૭૬ ૪૯૯૫૩

**મુદ્રક : સેવાર્થ ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.